# 10 પૃષ્ઠરસાયણ

**અધિશોષણ**

**● ભૌતિક અને રાસાયણિક અધિશોષણ અને તેની લાક્ષણિકતાઓ**

**પૃષ્ઠરસાયણ વિજ્ઞાન :** 'બે સ્થૂળ જથ્થામય કલાઓને અલગ કરતી સીમા (Boundry) અંગેના રસાયણ વિજ્ઞાનના અભ્યાસને પૃષ્ઠરસાયણ વિજ્ઞાન (Surface Chemistry) કહે છે.'

આ સીમા પૃષ્ઠ અથવા અંતરાપૃષ્ઠ તરીકે ઓળખાય છે. તેને આડી લીટી (hypen) અથવા ઊભી લીટી (slash) વડે દર્શાવાય છે.

**પૃષ્ઠઘટના :** 'ઘન અને પ્રવાહી અથવા ઘન અને વાયુ કલાઓને અલગ પણ સંપર્કમાં રાખતી ઘટના છે.'

દા.ત., વિલયન, સ્ફટિકીકરણ, વિદ્યુતધ્રુવ પરની પ્રક્રિયાઓ, વિષમાંગ ઉદ્દીપન, ધાતુનું ક્ષારણ વગેરે.

પૃષ્ઠ અથવા સપાટી સંપૂર્ણપણે શુદ્ધ અને ચોખ્ખી હોવી જરૂરી છે. આ માટે $10^{-8} - 10^{-9}$ પાસ્કલ જેટલો ઉચ્ચ શૂન્યાવકાશ પ્રાપ્ત કરી ધાતુઓની પૃષ્ઠ મેળવી શકાય છે. ત્યાર બાદ તેને હવાની અસરથી મુક્ત રાખવા શૂન્યાવકાશમાં જ રાખવામાં આવે છે.

**અધિશોષણ (Adsorption) :** 'ઘન અથવા પ્રવાહીની પૃષ્ઠ પર અણુઓ આકર્ષાઈ અને જળવાઈ રહે કે જેથી સપાટી પરના અણુઓની સાંદ્રતા ઘન કે પ્રવાહીના જથ્થામાં રહેલા અણુઓની સાંદ્રતા કરતાં વધે, તો તેને **અધિશોષણ** કહે છે.'

દા.ત., કોઈ રંગના દ્રાવણમાં સક્રિયકૃત ચારકોલનો ભૂકો નાખીએ, તો થોડા જ સમયમાં રંગની તીવ્રતા ઘટે છે અથવા દ્રાવણનો રંગ ઝાંખો પડે છે.

જે ઘન પદાર્થ પર અધિશોષણ થાય છે. તેને અધિશોષક (Adsorbent) અને જે પદાર્થનું અધિશોષણ થાય છે તેને અધિશોષિત (Adsorbate) કહે છે અને આ સમગ્ર ઘટનાને અધિશોષણ કહે છે.

અધિશોષણને લીધે પૃષ્ઠ-ઊર્જા ઘટે છે.

ચારકોલ, સિલિકાજેલ, ચોક, એલ્યુમિના, માટી, કલિલો વગેરે સારા અધિશોષકો છે. કારણ કે તે વધુ છિદ્રાળુ હોય છે અને તેમની સંપર્ક સપાટી વધુ હોય છે.

**અપશોષણ (Desorption) :** 'ધારો કે અધિશોષિત થયેલા અણુઓ કોઈ કારણસર (દબાણ ઘટાડવાથી અથવા ગરમી વધવાથી) સપાટી પરથી છૂટા પડી જાય અથવા વાયુમાં ભળી જાય તો તેને અધિશોષણ કહે છે.'

આ ઘટના અધિશોષણથી વિપરિત અથવા ઊલટી ઘટના છે.

**અવશોષણ (Absorption) :** 'જો પદાર્થના અણુઓ ઘન કે પ્રવાહીના આખા ભાગમાં પ્રસરેલા હોય કે જેથી સમાંગ (એક જ કલા) રૂપ ધારણ કરે, તો તે ઘટનાને અધિશોષણ કહે છે.'

**શોષણ (Sorption) :** 'કેટલીક વખત અવશોષણ અને અધિશોષણ બંને ઘટના એક સાથે બને તો તેને શોષણ (Sorption) કહે છે.' દા.ત., પેલેડિયમ ધાતુ પર ડાયહાઇડ્રોજન વાયુ પહેલાં અધિશોષિત થાય છે પછી અવશોષિત થાય છે તેથી તે શોષણની ઘટના અનુભવે છે.

**● અધિશોષણ ઘટનાના કેટલાંક ઉદાહરણો**

(1) વાયુમિશ્રણને ચારકોલ ભરેલા બંધ પાત્રમાં ભરતાં વાયુ-મિશ્રણનું કુલ દબાણ ચારકોલની સપાટી પર અધિશોષણને લીધે ઘટે છે.

(2) રંગકના દ્રાવણમાં સક્રિયકૃત ચારકોલ ઉમેરતાં અધિશોષણને લીધે રંગની તીવ્રતા ઘટે છે.

(3) ખાંડનો પીળો રંગ અધિશોષણને લીધે ચારકોલના થરમાંથી પસાર કરતાં રંગવિહીન થાય છે.

(4) ભેજવાળી હવામાંથી ભેજ ખેંચી લેવા માટે – સિલિકાજેલ વપરાય છે.

**અધિશોષણની ક્રિયાવિધિ :** અધિશોષણ ઘટના થવાનું કારણ...

(1) અસમતુલિત અથવા અવશેષી આકર્ષણબળો

- અવશેષીબળો અધિશોષકની સપાટી પર આકર્ષવા જવાબદાર
- આપેલ તાપમાને અને દબાણે અધિશોષણ સપાટીના ક્ષેત્રફળ પર આધારિત છે.

(2) અધિશોષણ ઉષ્મા

- અધિશોષણ ઉષ્માક્ષેપક ઘટના છે.
- આથી $\Delta H$નું મૂલ્ય ઋણ (–ve) હોય છે તેમજ અધિશોષણને કારણે એન્ટ્રોપી ઘટવાથી $\Delta S$ પણ ઋણ (–ve) થાય છે.
- આમ, અધિશોષણ ઘટના $\Delta H$ અને $\Delta S$ના ઘટાડા સાથે સંકળાયેલ છે.

(3) ઉષ્માગતિશાસ્ત્રના બીજા નિયમના સમીકરણ $\Delta G = \Delta H - T\Delta S$ મુજબ,

- અધિશોષણ-સ્વયંસ્ફુરિત પ્રક્રિયા માટે $\Delta G$નું મૂલ્ય ઋણ થાય છે.

**● અધિશોષણના પ્રકારો (Type of Adsorption)**

અધિશોષણના બે પ્રકારો છે : (1) ભૌતિક અધિશોષણ અથવા ફિઝીસોર્પશન (Physisorption) અને (2) રાસાયણિક અધિશોષણ અથવા કેમિસોર્પશન (Chemisorption).

નીચેના કોષ્ટકમાં ભૌતિક અને રાસાયણિક અધિશોષણની સરખામણી દર્શાવેલ છે :

| ભૌતિક અધિશોષણ | રાસાયણિક અધિશોષણ |
|---|---|
| (1) અધિશોષક અને અધિશોષિત વચ્ચે વાન્ડરવાલ્સ આકર્ષણ બળો હોય છે. | (1) અધિશોષક અને અધિશોષિત વચ્ચે રાસાયણિક બંધ પ્રકારનાં બળો હોય છે. |
| (2) અધિશોષણ એન્થાલ્પીનું મૂલ્ય આશરે 20થી 40 કિ જૂલ મોલ$^{-1}$ હોય છે, એટલે ઓછું ઋણ હોય છે. | (2) અધિશોષણ એન્થાલ્પીનું મૂલ્ય આશરે 80થી 240 કિ જૂલ મોલ$^{-1}$ હોય છે, એટલે વધારે ઋણ હોય છે. |
| (3) સામાન્ય રીતે નીચા તાપમાને પરિણમે છે અને તાપમાન વધારતાં અધિશોષણ ઘટે છે. | (3) પ્રમાણમાં ઊંચા તાપમાને પરિણમે છે. તાપમાનના ફેરફારની કોઈ વિશેષ અસર નથી. |
| (4) તે વિશિષ્ટ નથી એટલે કે બધા વાયુઓ બધા વાયુઓ બધા જ ઘન અધિશોષક પર વત્તા-ઓછા પ્રમાણમાં અધિશોષિત થાય છે. | (4) તે વિશિષ્ટ છે. જો અધિશોષક અને અધિશોષિત વચ્ચે રાસાયણિક બંધની રચના શક્ય હોય, તો જ પરિણમે છે. |
| (5) તે ત્વરિત છે. | (5) તે ધીમું કે ઝડપી હોઈ શકે. |
| (6) અધિશોષક પર બહુઆણ્વિય સ્તરો રચાઈ શકે છે. | (6) સામાન્ય રીતે એક આણ્વિય સ્તર અધિશોષક પર રચાય છે. |
| (7) તે પરિવર્તનીય છે. | (7) તે અપરિવર્તનીય છે. |
| (8) ઓછી સક્રિયકરણ ઊર્જાની જરૂર પડે છે. | (8) વધારે સક્રિયકરણ ઊર્જાની જરૂર પડે છે. |
| (9) વાયુના સ્વભાવ પર આધાર રાખે છે. સહેલાઈથી પ્રવાહીકરણ પામતા વાયુઓ ઝડપથી અધિશોષિત થાય છે. | (9) તે વાયુના સ્વભાવ પર આધાર રાખે છે. જે વાયુઓ અધિશોષક સાથે પ્રક્રિયા કરે છે, તે વધુ અધિશોષણ દર્શાવે છે. |
| (10) દા.ત., ચારકોલ પર $H_2$ (હાઇડ્રોજન) વાયુનું અધિશોષણ | (10) દા.ત., Ni (નિકલ) ધાતુ પર $H_2$ (હાઇડ્રોજન) વાયુનું અધિશોષણ |

**1.** અધિશોષણ ઘટનાને લીધે....

(A) પૃષ્ઠઊર્જા ઘટે. (B) પૃષ્ઠઊર્જા વધે.

(C) પૃષ્ઠઊર્જાનું મૂલ્ય શૂન્ય થાય. (D) કોઈ ફેરફાર ન થાય.

**2.** નીચેનામાંથી પૃષ્ઠ ઘટનાનો ઉપયોગ શેમાં થાય છે ?

(A) એમોનિયાની બનાવટમાં (B) ઉદ્યોગોમાં

(C) વૈશ્લેષિક રસાયણમાં (D) આપેલા બધા જ

3. ભૌતિક અધિશોષણ માટે નીચેનામાંથી કઈ લાક્ષણિકતા સાચી નથી ?

(A) ઘન પદાર્થ પર વાયુ અથવા પ્રવાહીનું અધિશોષણ પ્રતિવર્તી પ્રક્રિયા છે.

(B) તાપમાનમાં વધારો થતાં અધિશોષણમાં વધારો થાય છે.

(C) અધિશોષણ આપમેળે (સ્વયંસ્ફુરિત) થતી પ્રક્રિયા છે.

(D) અધિશોષણની એન્થાલ્પી અને એન્ટ્રોપી બન્ને ઋણ છે.

4. અધિશોષણ ઘટના માટે નીચેનામાંથી કયું સાચું છે ?

(A) $\Delta G < 0; \Delta H < 0; \Delta S < 0$ (B) $\Delta G > 0; \Delta H > 0; \Delta S > 0$

(C) $\Delta G > 0; \Delta H < 0; \Delta S > 0$ (D) $\Delta G < 0; \Delta H > 0; \Delta S > 0$

5. નીચેનામાંથી કઈ ઘટના પૃષ્ઠ ઘટના નથી ?

(A) વિષમાંગ ઉદ્દીપન (B) ક્ષારણ

(C) બંધ પાત્રમાં પાણી અને તેની બાષ્પ (D) સ્ફટિકીકરણ

6. રાસાયણિક અધિશોષણ માટે નીચેનામાંથી કયું વિધાન લાગું પડતું નથી ?

(A) તાપમાનના ફેરફારની કોઈ વિશેષ અસર થતી નથી. (B) અધિશોષક પર બહુઆણ્વિય સ્તરો રચાઈ શકે છે.

(C) તે વાયુના સ્વભાવ પર આધાર રાખે છે. (D) તે અપરિવર્તનીય છે.

7. ધાતુઓનું પૃષ્ઠ સંપૂર્ણ શુદ્ધ પ્રાપ્ત કરવા માટે કેટલા પાસ્કલ ઉચ્ચ શૂન્યાવકાશની જરૂર પડે ?

(A) $10^{-8}$ થી $10^{-9}$ (B) $10^{8}$ થી $10^{9}$ (C) $10^{-6}$ થી $10^{-8}$ (D) $10^{-9}$ થી $10^{-10}$

8. અધિશોષણ માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) દબાણમાં વધારો અધિશોષણની માત્રામાં વધારો કરે છે.

(B) તાપમાનમાં વધારો અધિશોષણની માત્રામાં વધારો કરે છે.

(C) અધિશોષણ એકસ્તરીય અથવા બહુસ્તરીય હોઈ શકે.

(D) અધિશોષક કણોનું કદ અધિશોષણની માત્રાને અસર કરશે નહિ.

9. ભૌતિક અધિશોષણનો દર નીચેનામાંથી કયા સંજોગોમાં વધશે ?

(A) દબાણના ઘટાડાથી (B) તાપમાનના વધારાથી (C) તાપમાનના ઘટાડાથી (D) પ્રણાલીનું કદ ઘટવાથી

10. ભૌતિક અધિશોષણ માટે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) તે વાન્ડર-વાલ્સ આકર્ષણ બળોથી ઉદ્ભવે છે.

(B) સરળતાથી પ્રવાહીકરણ પામતા વાયુઓ તરત જ અધિશોષિત થાય છે.

(C) ઊંચા દબાણે અધિશોષકની સપાટી પર બહુ આણ્વિય સ્તર રચાય છે.

(D) $\Delta H$ (અધિશોષણ એન્થાલ્પી)નું મૂલ્ય ઓછું અને ધન હોય છે.

11. નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે ?

(A) ભૌતિક અધિશોષણ પરિવર્તનીય છે. જ્યારે રાસાયણિક અધિશોષણ અપરિવર્તનીય છે.

(B) ઊંચા દબાણે ભૌતિક અધિશોષણ જ્યારે નીચા દબાણે રાસાયણિક અધિશોષણ જોવા મળે છે.

(C) ભૌતિક અધિશોષણ વિશિષ્ટ નથી જ્યારે રાસાયણિક અધિશોષણ વિશિષ્ટ હોય છે.

(D) રાસાયણિક અધિશોષણ માટે ઊંચી સક્રિયકરણ શક્તિ જરૂરી છે.

12. ઘન સપાટી પર થતું વાયુનું આપમેળે અધિશોષણ ઉષ્માક્ષેપક ઘટના છે, કારણ કે....

(A) પ્રણાલી માટે $\Delta H$ વધે છે. (B) વાયુ માટે $\Delta S$ વધે છે.

(C) વાયુ માટે $\Delta S$ ઘટે છે. (D) વાયુ માટે $\Delta G$ વધે છે.

13. નીચેનામાંથી કયો વાયુ સૌથી વધુ પ્રમાણમાં સક્રિયકૃત ચારકોલ પર અધિશોષિત થાય છે ?

(A) $CO_2$ (B) $N_2$ (C) $CH_4$ (D) Ar

**14.** અધિશોષણ દરમિયાન....

(A) $T\Delta S$ ધન હોય.
(B) $\Delta H$ ધન હોય.
(C) $\Delta H - T\Delta S$ ઋણ હોય
(D) $T\Delta S$ અને $\Delta G$ બંને શૂન્ય

**15.** 298 K તાપમાને 1 ગ્રામ ચારકોલ વડે અધિશોષિત થતા વાયુઓ $H_2$, $CH_4$, $CO_2$ અને $NH_3$ હોય, તો તેમના કદનો ઊતરતો ક્રમ કયો હશે ?

(A) $H_2 > CH_4 > CO_2 > NH_3$
(B) $CO_2 > NH_3 > H_2 > CH_4$
(C) $NH_3 > CO_2 > CH_4 > H_2$
(D) $CH_4 > CO_2 > NH_3 > H_2$

**16.** નીચેનામાંથી કયું ઉદાહરણ અધિશોષણનું છે ?

(A) સિલિકા જેલ પર પાણી
(B) કૅલ્શિયમ ક્લોરાઇડ પર પાણી
(C) સંપૂર્ણ શુદ્ધ નિકલ ધાતુની સપાટી પર હાઇડ્રોજન
(D) ધાતુની સપાટી પર ઑક્સિજન

**17.** વાયુનું ભૌતિક અધિશોષણ વધે છે...

(A) તાપમાનમાં વધારો થતાં
(B) તાપમાનમાં ઘટાડો થતાં
(C) અધિશોષકની સપાટીના ક્ષેત્રફળમાં ઘટાડો થતાં
(D) વાન્ડરવાલ્સ બળની પ્રબળતામાં ઘટાડો થતાં

**18.** અધિશોષણ ઘટનાની સંતુલન સ્થિતિએ કયું યોગ્ય છે ?

(A) $\Delta H > 0$ (B) $\Delta H = T\Delta S$ (C) $\Delta H > T\Delta S$ (D) $\Delta H < T\Delta S$

**19.** ભૌતિક અધિશોષણમાં, અધિશોષક દ્વારા કોઈ પણ ચોક્કસ વાયુનું અધિશોષણ શક્ય નથી. કારણ કે,

(A) વાન્ડર-વાલ્સ આકર્ષણ બળ સાર્વત્રિક હોવાથી
(B) વાયુઓ એ આદર્શ વાયુ તરીકે વર્તતા હોવાથી
(C) અધિશોષણ એન્થાલ્પીનું મૂલ્ય ઓછું હોવાથી
(D) તે પ્રતિવર્તી પ્રક્રિયા હોવાથી

**20.** ધારો કે m એ અધિશોષકનો જથ્થો અને x એ અધિશોષિતનો જથ્થો હોય, તો અધિશોષણ માટે નીચેનામાંથી કયું યોગ્ય નથી ?

(A) અચળ તાપમાને (T) $\frac{x}{m} = f(P)$
(B) અચળ દબાણે (P) $\frac{x}{m} = f(T)$
(C) અચળ $\left(\frac{x}{m}\right)$ એ $P = f(T)$
(D) $\frac{x}{m} = P \times T$

**21.** ભૌતિક અધિશોષણમાં ઘનની સપાટી પર વાયુઅણુઓનું અધિશોષણ માટે કયું બળ જવાબદાર છે ?

(A) રાસાયણિક બળ
(B) સ્થિરવિદ્યુતીય આકર્ષણ બળ
(C) ગુરુત્વાકર્ષણ બળ
(D) વાન્ડર-વાલ્સ આકર્ષણ બળ

**જવાબો :** **1.** (A), **2.** (D), **3.** (B), **4.** (A), **5.** (C), **6.** (B), **7.** (A), **8.** (D), **9.** (C), **10.** (D), **11.** (B), **12.** (C), **13.** (A), **14.** (C), **15.** (C), **16.** (B), **17.** (B), **18.** (B), **19.** (A), **20.** (D), **21.** (D)

**● ઘન અધિશોષક પર થતા વાયુનું અધિશોષણ ઉપર અસર કરતાં પરિબળો–ફ્રુન્ડલિચ અને લેગ્મ્યૂર સમતાપી**

**ઘન અધિશોષક પર થતું વાયુનું અધિશોષણ નીચેનાં પરિબળો પર આધાર રાખે છે**

(1) અધિશોષિતના સ્વભાવ પર (2) અધિશોષકના સ્વભાવ પર (3) અધિશોષકના વિશિષ્ટ વિસ્તાર પર (4) અધિશોષિત થતા વાયુના દબાણ પર (5) તાપમાન પર (6) અધિશોષકના સક્રિયકરણ પર.

**(1) અધિશોષિતના સ્વભાવ પર**

• આપેલ તાપમાન અને દબાણ હેઠળ સહેલાઈથી પ્રવાહીકરણ પામતા વાયુઓ જેવા કે, $NH_3$, HCl, $CO_2$ વગેરે વધુ પ્રમાણમાં અધિશોષિત થાય છે.

• કાયમી વાયુઓ જે સહેલાઈથી પ્રવાહીકરણ પામતા નથી. જેવા કે $H_2$, $O_2$, $N_2$ વગેરે ઓછા પ્રમાણમાં અધિશોષિત થાય છે.

• વાયુના પ્રવાહીકરણને ક્રાંતિક તાપમાન ($T_C$) સાથે સંબંધ હોવાથી ઊંચા ક્રાંતિક તાપમાનવાળા વાયુઓનું અધિશોષણ વધારે થાય છે.

**(2) અધિશોષકના સ્વભાવ પર**

• સામાન્ય અધિશોષકો તરીકે કાર્બન, પ્રાણીજ કોલસો, ધાતુ ઑક્સાઈડ, સિલિકા જેલ, એલ્યુમિના અને માટી જેવા પદાર્થો છે.

• આવા દરેક અધિશોષકને પોતાના લાક્ષણિક અધિશોષણ ગુણધર્મો તેમાંનાં સંયોજનો અને બંધારણના આધારે હોય છે.

**(3) અધિશોષકનું વિશિષ્ટ ક્ષેત્રફળ**

• વિશિષ્ટ ક્ષેત્રફળ એટલે 1 ગ્રામ અધિશોષક માટે પ્રાપ્ય પૃષ્ઠ ક્ષેત્રફળ.

• પૃષ્ઠ ક્ષેત્રફળ જેટલું વધારે તેટલું અધિશોષણ વધારે.

• છિદ્રાળુ અથવા પાઉડર સ્વરૂપમાં અધિશોષક તે જ પદાર્થના ચોસલા (block) કરતાં વાયુનું વધુ અધિશોષણ કરે છે.

**(4) વાયુનું દબાણ (અધિશોષણ સમતાપી)**

• અધિશોષિત વાયુના અધિશોષણની માત્રા $\frac{x}{m}$ વડે દર્શાવાય છે.

જ્યાં, m = લીધેલા અધિશોષકનું વજન,

x = અધિશોષિતની સાંદ્રતા અથવા મોલ-સંખ્યા

• પ્રાયોગિક રીતે $\frac{x}{m}$નો ગુણોત્તર નક્કી કરી નિયત તાપમાને $\frac{x}{m} \rightarrow$ Pનો આલેખ દોરતાં, આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે વક્ર મળે છે. આ વક્રને અધિશોષણ સમતાપી વક્ર કહે છે.




**(5) તાપમાન પર :** અધિશોષણ ઉષ્માક્ષેપક ઘટના છે. તેથી લ-શેટેલિયરના નિયમ પ્રમાણે તાપમાન વધતાં અધિશોષિત વાયુના જથ્થામાં ઘટાડો થાય છે.

**• ફ્રુન્ડલીચ (Freundlich) અધિશોષણ સમતાપી**

• ઘન અધિશોષક પર વાયુમય અધિશોષિતના નિયત તાપમાને થતું અધિશોષણ વાયુના દબાણના સમપ્રમાણમાં હોય છે. જેમકે, $\frac{x}{m} \propto P^{\frac{1}{n}}$ અથવા $\frac{x}{m} = KP^{\frac{1}{n}}$ $(n > 1)$

જ્યાં, $\frac{x}{m}$ = પ્રતિગ્રામ અધિશોષક વડે થયેલું અધિશોષણ, x = અધિશોષિત વાયુની મોલ-સંખ્યા,

K અને n = અચળાંકો, m = અધિશોષકનું વજન, P = વાયુનું દબાણ.

• અચળાંકો K અને nનાં મૂલ્યો મેળવવા માટે, ઉપરના સમીકરણને ઘાતાંકમાં ફેરવતાં, $\log\frac{x}{m} = \log K + \frac{1}{n}\log P$. હવે, $\log\frac{x}{m} \rightarrow \log P$નો આલેખ દોરતાં સીધી રેખા મળે છે જે આકૃતિમાં દર્શાવેલ છે.

• આ આલેખમાં ઢાળનું મૂલ્ય $\frac{1}{n}$ અને આંતર છેદનું મૂલ્ય logK થશે તેના પરથી અચળાંકો K અને nનાં મૂલ્યો નક્કી કરી શકાય છે.



● **ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપીની મર્યાદાઓ**

(1) આ સમતાપી દબાણની અમુક મર્યાદામાં જ લાગુ પડે છે, પરંતુ ઊંચા દબાણે વિચલન દર્શાવે છે. જેથી સમતાપીનો વક્ર બદલાઈ જાય છે.

(2) K અને n અચળાંકો છે, પરંતુ એક જ અધિશોષક અને અધિશોષિત માટે તાપમાન સાથે બદલાય છે.

(3) ફ્રુન્ડલિચ સમતાપી માત્ર અનુભાવિક (Empirical) છે. તેની કોઈ સૈદ્ધાતિક સાબિતી નથી.

(4) $\frac{1}{n}$નું મૂલ્ય 1 હોય, તો $\frac{x}{m}$ = KP થાય છે. તેથી અધિશોષણ દબાણને સમપ્રમાણ થાય છે, પરંતુ $\frac{1}{n}$નું મૂલ્ય 0 થાય તો $\frac{x}{m}$ = અચળાંક થાય, તેથી અધિશોષણ દબાણથી સ્વતંત્ર થાય છે.

● **લૅંગ્મ્યૂર (Langmuir) અધિશોષણ સમતાપી**

● વાયુના ગતિમય સિદ્ધાંત પર આધારિત સૈદ્ધાંતિક બાબતોને ધ્યાનમાં લઈ ઉપજાવેલ સમતાપી એટલે લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી.

● આ સમતાપીમાં બે પરસ્પર વિરોધી પ્રક્રમો સંઘનન (Condensation) અને બાષ્પાયન (Evaportion) ધ્યાનમાં લેવાયા છે.

● લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપીનું નિરૂપણ નીચે મુજબ દર્શાવી શકાય :

$$\boxed{\frac{x}{m} = \frac{ap}{1+bp}}$$

જ્યાં, $\frac{x}{m}$ = પ્રતિ ગ્રામ અધિશોષક વડે થયેલ અધિશોષણ, P = વાયુનું દબાણ, a અને b = અચળાંકો

આ સમીકરણને બે પરિસ્થિતિમાં લખી શકાય :

**(1) નીચા દબાણે :** $\frac{x}{m}$ = ap.

આમ, નીચા દબાણે વાયુનું અધિશોષણ દબાણને સમપ્રમાણમાં રહેશે.

**(2) ઊંચા દબાણે :** $\frac{x}{m} = \frac{a}{b}$ અચળ.

આમ, ઊંચા દબાણે અધિશોષણ લગભગ અચળ રહેશે.

અચળાંકો a અને bનાં મૂલ્યો મેળવવા, સમીકરણ $\frac{x}{m} = \frac{ap}{1+bp}$ ઊલટાવીને લખતાં, $\frac{m}{x} = \frac{1}{ap} + \frac{b}{a}$ થશે.

● આ સમીકરણ સીધી રેખા માટેનું હોવાથી $\frac{m}{x} \rightarrow \frac{1}{p}$નો આલેખ દોરતાં, ઢાળનું મૂલ્ય $\frac{1}{a}$ બરાબર અને આંતર છેદનું મૂલ્ય $\frac{b}{a}$ બરાબર થશે. તેના પરથી અચળાંકો a અને bનાં મૂલ્યો મેળવી શકાય છે.

---

**22.** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપીમાં $\log\frac{x}{m} \rightarrow$ logPના આલેખમાં ઢાળનું મૂલ્ય કેટલું મળે છે ?

(A) $\frac{1}{p}$ (B) $\frac{1}{n}$ (C) $\frac{1}{a}$ (D) −K

**23.** લૅંગ્મ્યૂરે કયા સિદ્ધાંત પર આધારિત સમતાપી ઊપજાવ્યું ?

(A) વાયુના ગતિમય સિદ્ધાંત (B) ઉષ્માગતિશાસ્ત્રના સિદ્ધાંત

(C) અથડામણનો સિદ્ધાંત (D) તરંગયંત્રશાસ્ત્રના સિદ્ધાંત

**24.** લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી સમીકરણ નીચેના પૈકી કયું છે ?

(A) $\frac{m}{x} = \frac{1+bp}{ap}$ (B) $\frac{x}{m} = \frac{ab}{1+bp}$ (C) $\frac{x}{m} = \frac{ap}{1+bp}$ (D) $\frac{x}{m} = \frac{ap}{1+bc}$

**25.** નીચા દબાણે લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપીનું સ્વરૂપ કયું યોગ્ય છે ?

(A) $\frac{x}{m} = \frac{a}{b}$ (B) $\frac{x}{m} = ap$ (C) $\frac{x}{m} = \frac{ap}{1+bp}$ (D) $\frac{x}{m} = \frac{b}{a}$

**26.** લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપીમાં $\frac{m}{x} \rightarrow \frac{1}{p}$ નો આલેખ દોરતાં ઢાળનું મૂલ્ય કેટલું મળે ?

(A) $\frac{1}{a}$ (B) $\frac{b}{a}$ (C) $\frac{a}{b}$ (D) K

**27.** ઘન અધિશોષક પર થતા વાયુના અધિશોષણ માટે નીચેનામાંથી કયું પરિબળ આધાર રાખતું નથી ?

(A) અધિશોષકના વિશિષ્ટ ક્ષેત્રફળ (B) વાયુનું દબાણ

(C) તાપમાન (D) અધિશોષકનું કદ

**28.** નીચેનામાંથી કયું વિધાન ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપીની મર્યાદા માટે યોગ્ય નથી ?

(A) આ સમતાપી દબાણની અમુક મર્યાદામાં જ લાગુ પડે છે.

(B) અચળાંકો K અને n તાપમાન સાથે બદલાય છે.

(C) આ સમતાપી માત્ર સૈદ્ધાંતિક છે. તેની કોઈ પ્રાયોગિક સાબિતી નથી.

(D) આ સમતાપી ઊંચા દબાણે વિચલન દર્શાવે છે.

**29.** ઘન અધિશોષક પર થતા વાયુના અધિશોષણ માટે લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી અનુસાર...

(A) સપાટી પર માત્ર એક જ સ્થાને અધિશોષણ એક જ સમયે એક કરતાં વધુ અણુઓને રોકી રાખે છે.

(B) સપાટી પર નિશ્ચિત સ્થાને અથડાતાં અણુઓનું દળ દબાણના સમપ્રમાણમાં હોય છે.

(C) સપાટી પર નિશ્ચિત સ્થાને અથડાતા અણુઓનું દળ દબાણથી સ્વતંત્ર હોય છે.

(D) અધિશોષિત અણુઓનો વિયોજન દર અણુઓથી રોકાયેલ સપાટી પર આધારિત નથી.

**30.** ઘન અધિશોષક પર વાયુમય અધિશોષિતના અધિશોષણને નિશ્ચિત તાપમાને આપેલ વાયુના દબાણ સાથે કેવો સંબંધ હોય ?

(A) $\frac{x}{m} = KP^{\frac{1}{n}}$ (B) $\frac{m}{x} = KP^{n}$ (C) $\frac{x}{m} = KP^{n}$ (D) $\frac{x}{m} = PK^{\frac{1}{n}}$

**31.** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપીમાં $\frac{1}{n}$ નું મૂલ્ય ......... છે.

(A) ભૌતિક અધિશોષણમાં 1 (એક) (B) રાસાયણિક અધિશોષણમાં 1 (એક)

(C) બધા કિસ્સાઓમાં 0 અને 1ની વચ્ચે (D) બધા કિસ્સાઓમાં 2 અને 4ની વચ્ચે

**32.** લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપીમાં નીચેના પૈકી કઈ ધારણા કરવામાં આવી હતી ?

(A) આ અધિશોષણમાં બહુઆણ્વિય સ્તરો રચાય છે.

(B) દરેક અધિશોષણ સ્થાન સમાન છે તથા તે કણોનું અધિશોષણ કરવાની શક્તિ ધરાવે છે.

(C) તેની અધિશોષણ એન્થાલ્પીનું મૂલ્ય ઘણું ઓછું હોય છે.

(D) અધિશોષિત અણુઓ એકબીજાને આકર્ષે છે.

**33.** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપી માટેનું સમીકરણ કયું યોગ્ય છે ?

(A) $\frac{x}{m} = KP^{\frac{1}{n}}$ (B) $x = m \cdot KP^{\frac{1}{n}}$ (C) $\frac{x}{m} = KP^{-n}$ (D) આપેલ બધા જ

**34.** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપીમાં $\frac{x}{P} \rightarrow$ Pના આલેખમાં દબાણ Pનું મૂલ્ય વધારતાં તે એકદમ ઝડપથી વધી જતું નથી કારણ કે....

(A) $\frac{x}{m}$ નું મૂલ્ય ખૂબ જ ઓછું હોવાથી (B) તે એક આણ્વિય અધિશોષણ હોવાથી

(C) તે બહુ આણ્વિય અધિશોષણ હોવાથી (D) તે બહુ આણ્વિય અધિશોષણ ન હોવાથી

**35.** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપી માટેનું યોગ્ય સમીકરણ કયું છે?

(A) $\log\frac{x}{m} = \log K + \frac{1}{n}\log P$ (B) $\log\frac{m}{x} = \log K + \frac{1}{n}\log P$

(C) $\log\frac{x}{m} = \log R + \frac{1}{K}\log P$ (D) $\log\frac{x}{m} = \log C + \frac{1}{n}\log K$

**36.** ઊંચા દબાણે લૅંગ્મ્યૂર અધિશોષણ, સમતાપી માટે નીચેનામાંથી કયું સમીકરણ સાચું છે ?

(A) $\frac{x}{m} = \frac{a}{b}$ (B) $\frac{x}{m} = ap$ (C) $\frac{x}{m} = \frac{1}{a \cdot p}$ (D) $\frac{x}{m} = \frac{b}{a}$

**37.** લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી નીચેનામાંથી કઈ ધારણા ઉપર આધારિત છે ?

(A) અધિશોષણ બહુઆણ્વિય સ્તરો ધરાવે છે.

(B) બધા જ અધિશોષણ સ્થાન સમાન છે અને બધાની અધિશોષણ ક્ષમતા સમાન છે.

(C) અધિશોષણ ઉષ્માનું મૂલ્ય અધિશોષણ સાથે સંબંધ ધરાવે છે.

(D) અધિશોષિત અણુઓ એકબીજા ઉપર જમા થાય છે.

**38.** અધિશોષણ સમતાપી માટે નીચેનામાંથી કયો વક્ર સંબંધિત નથી ?

(A)




(B)




(C)




(D)




**39.** નીચેનામાંથી કયું વિધાન ફ્રુન્ડલીચ અને લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી માટે ખોટું છે ?

(A) અધિશોષણ એક આણ્વિય અથવા બહુઆણ્વિય હોઈ શકે છે.

(B) અધિશોષણની માત્રા પર અધિશોષક કણોનું કદ અસર કરતું નથી.

(C) દબાણ વધારતાં અધિશોષણની માત્રા વધે છે.

(D) તાપમાન વધારતાં અધિશોષણની માત્રા ઘટે છે.

**40.** લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) ઊંચા દબાણે $\frac{x}{m} = Kp$ (B) $\log\left(\frac{x}{m}\right)$ વિરુદ્ધ logPનો આલેખ સીધી રેખા છે.

(C) નીચા દબાણે $\frac{x}{m} = Kp$ (D) દબાણની મધ્યવર્તી અવસ્થામાં $\frac{m}{x} = KP^{\frac{1}{n}}$

**જવાબો :** **22.** (B), **23.** (A), **24.** (C), **25.** (A), **26.** (A), **27.** (D), **28.** (C), **29.** (B), **30.** (A), **31.** (C), **32.** (B), **33.** (D), **34.** (C), **35.** (A), **36.** (A), **37.** (B), **38.** (C), **39.** (B), **40.** (B).

- **દ્રાવણમાંથી અધિશોષણ અને ઉદ્દીપન તેના વિવિધ પ્રકારો**

**દ્રાવણમાંથી અધિશોષણ :**

અધિશોષણ સમતાપી વાયુમય પ્રણાલીની જેમ જ પ્રવાહી પ્રણાલીને પણ લાગુ પાડી શકાય.

દ્રાવણમાંથી થતા અધિશોષણ માટે ફ્રુન્ડલિચ અને લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી નીચે પ્રમાણે લખી શકાય :

| ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપી | લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપી |
|---|---|
| **(1) ભૌતિક અધિશોષણ :** $\frac{x}{m} = KP^{\frac{1}{n}}$ અથવા $\log\frac{x}{m} = \log K + \frac{1}{n}\log P$ | $\frac{x}{m} = \frac{ap}{1+bp}$ અથવા $\frac{m}{x} = \frac{1}{ap} + \frac{b}{a}$ |
| **(2) રાસાયણિક અધિશોષણ :** $\frac{x}{m} = KC^{\frac{1}{n}}$ અથવા $\log\frac{x}{m} = \log K + \frac{1}{n}\log C$ | $\frac{x}{m} = \frac{ac}{1+bc}$ અથવા $\log\frac{m}{x} = \log\frac{b}{a} + \log\frac{1}{ac}$ |

- **ઉદ્દીપન (Catalysis)**

જે પદાર્થ રાસાયણિક પ્રક્રિયામાં વપરાતો નથી, મૂળ સ્વરૂપે પાછો મળે છે, પરંતુ પ્રક્રિયાનો વેગ અથવા પ્રક્રિયા નીપજ તરફ જવાના સમયમાં ઘટાડો કરે છે. તેવા પદાર્થને **ઉદ્દીપક** કહે છે.

''ઉદ્દીપકની મદદથી પ્રક્રિયાનો વેગ વધારવાની ઘટનાને **ઉદ્દીપન** કહે છે.''

ઉદ્દીપક પુરોગામી અને પ્રતિગામી બંને પ્રક્રિયાના દર સમાન રીતે વધારે છે, પરંતુ સંતુલન અચળાંક પર અસર કરતો નથી. તેથી સંતુલન અચળાંકનું મૂલ્ય બદલાતું નથી એટલે કે નીપજનું પ્રમાણ વધારે મળતું નથી.

ઉદ્દીપક સક્રિયકરણ ઊર્જા ઘટાડે છે, એટલે કે સ્થિતિ જ ઊર્જા અંતરાયને નીચો લાવે છે. જેથી કરીને પ્રક્રિયા ઓછા સમયમાં પૂર્ણ થાય છે.

**ઉદ્દીપનના પ્રકાર :** ઉદ્દીપનના મુખ્ય બે પ્રકારો છે :

**(1) સમાંગ ઉદ્દીપન :** 'જો ઉદ્દીપક, પ્રક્રિયકો જે કલામાં હોય તે જ કલામાં હોય, તો તે ઉદ્દીપકને સમાંગ ઉદ્દીપક કહે છે અને આ ઘટનાને **સમાંગ ઉદ્દીપન** કહે છે.' જેમકે,

(1) ઓઝોનનું વિઘટન : $O_{3(g)} + O_{(g)} \xrightarrow{[Cl_{(g)}]} 2O_{2(g)}$

(2) કાર્બન મોનોક્સાઇડનું ઑક્સિડેશન : $2CO_{(g)} + O_{2(g)} \xrightarrow{[NO_{(g)}]} 2CO_{2(g)}$

(3) સુક્રોઝનું વ્યુત્ક્રમણ : $C_{12}H_{22}O_{11(aq)} + H_2O_{(l)} \xrightarrow{[H^+_{(aq)}]} C_6H_{12}O_{6(aq)} + C_6H_{12}O_{6(aq)}$

(4) લેડ ચેમ્બર વિધિથી સલ્ફ્યુરિક ઍસિડનું ઉત્પાદન : $SO_{2(g)} + \frac{1}{2}O_{2(g)} \xrightarrow{[NO_{(g)}]} SO_{3(g)}$

(5) એસ્ટરનું જળ-વિભાજન : $CH_3COOCH_{3(l)} + H_2O_{(l)} \xrightarrow{[H^+_{(aq)}]} CH_3COOH_{(l)} + CH_3OH_{(l)}$

**(2) વિષમાંગ ઉદ્દીપન :** 'જ્યારે ઉદ્દીપક, પ્રક્રિયકોની કલા કરતાં અલગ કલામાં હોય, ત્યારે ઉદ્દીપકને વિષમાંગ ઉદ્દીપક કહે છે અને આ ઘટનાને વિષમાંગ ઉદ્દીપન કહે છે.' જેમકે,

(1) વાયુમય HIનું સોનાની સપાટી પર વિઘટન $2HI_{(g)} \xrightarrow{[Au_{(s)}]} H_{2(g)} + I_{2(g)}$

(2) સંપર્ક વિધિથી સલ્ફ્યુરિક ઍસિડનું ઉત્પાદન $SO_{2(g)} + \frac{1}{2}O_{2(g)} \xrightarrow{[V_2O_{5(s)}]} SO_{3(g)}$

(3) હેબર વિધિથી એમોનિયાની બનાવટ $N_{2(g)} + 3H_{2(g)} \xrightarrow{[Fe_{(s)}]} 2NH_{3(g)}$

(4) કાર્બન મોનોક્સાઇડમાંથી મિથેનોલ મેળવવાની પ્રક્રિયા $CO_{(s)} + 2H_{2(g)} \xrightarrow{[Cu/ZnO-Cr_2O_3]} CH_3OH_{(l)}$

(5) વનસ્પતિ જ તેલમાંથી વનસ્પતિજ ઘી બનાવવા માટે રેની નિકલ.

● **ઝિયોલાઇટ વડે આકારવરણાત્મક ઉદ્દીપન**

'જે ઉદ્દીપન પ્રક્રિયા ઉદ્દીપકની છિદ્ર-રચના પ્રક્રિયકનું કદ નીપજના અણુઓ પર આધાર રાખે છે. તેને આકાર વરણાત્મક ઉદ્દીપન કહે છે.'

ઝિયોલાઇટ સારા આકાર વરણાત્મક ઉદ્દીપકો છે, કારણ કે તેમની રચના મધપૂડા જેવી હોય છે.

ઝિયોલાઇટ રાસાયણિક દૃષ્ટિએ ઍલ્યુમિનો સિલિકેટ $[Na_2Al_2Si_4O_{12}]$ છે.

તેઓ કુદરતી રીતે મળે છે તથા કૃત્રિમ રીતે બનાવી શકાય છે.

ઝિયોલાઇટનો ઉપયોગ કરતાં પહેલાં તેનું જલીયકરણનું પાણી દૂર કરવા માટે તેને શૂન્યાવકાશમાં ગરમ કરવામાં આવે છે.

ઝિયોલાઇટ ઉદ્દીપકની પ્રક્રિયાઓ નીપજ અને પ્રક્રિયકના કદ અને આકાર પર આધાર રાખે છે. આથી તેમને આકાર વરણાત્મક ઉદ્દીપક કહે છે.

તે મુખ્યત્વે પેટ્રોરસાયણ ઉદ્યોગોમાં સમઘટીકરણ અને હાઇડ્રોકાર્બનના વિભંજનમાં વપરાય છે.

એક અગત્યનો ઝિયોલાઇટ ZSM–5 કે જે આલ્કોહોલનું નિર્જળીકરણ કરીને સીધું જ ગેસોલિન (પેટ્રોલ)માં ફેરવે છે.

● **ઉત્સેચક ઉદ્દીપન**

સામાન્ય તાપમાને અને દબાણે મંદ દ્રાવણોમાં થતી ઘણી બધી પ્રક્રિયાઓ જીવિત સૂક્ષ્મ જીવાણુઓ કરી શકે છે. આવી અનેક પ્રક્રિયાઓ જૈવરાસાયણિકો દ્વારા ઉદ્દીપ્ત થાય છે. જેને **ઉત્સેચક ઉદ્દીપન** કહે છે.

આવા જૈવરાસાયણિક ઉદ્દીપકોને **ઉત્સેચકો** કહે છે.

ઉત્સેચકો પ્રક્રિયાનો દર $10^8$ થી $10^{20}$ ગણો વધારી શકે છે અને તેઓ ખૂબ જ વિશિષ્ટ હોય છે.

ઉત્સેચકો ઉદ્દીપ્ત પ્રક્રિયાઓના દર પ્રક્રિયાર્થીની સાંદ્રતા વધારતાં પ્રથમ ક્રમથી શૂન્ય ક્રમ સુધી બદલાય છે. ઊંચા તાપમાને ઉત્સેચક જીવિત રહી શકતા નથી. તેથી ઊંચા તાપમાને પ્રક્રિયાના પરિણામમાં નિષ્ફળતા પ્રદર્શિત કરે છે.

ઉત્સેચકનો એક અણુ પ્રતિ મિનિટે દસ લાખ પ્રક્રિયક અણુઓનું નીપજમાં રૂપાંતર કરી શકે છે.

---

**41.** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપી દ્રાવણોને લાગુ પાડવામાં આવે, તો તેના માટે નીચેનામાંથી કયું સમીકરણ લાગુ પડશે ?

(A) $\frac{x}{m} = K \cdot C^{\frac{1}{n}}$ (B) $\frac{x}{m} = \frac{ac}{1+bc}$ (C) $\frac{m}{x} = \frac{1}{K} \cdot C^{\frac{1}{n}}$ (D) $\frac{m}{x} = \frac{1+bc}{ac}$

**42.** દ્રાવણ માટે લૅંગ્મ્યૂર અધિશોષણ સમતાપીનું સમીકરણ નીચેનામાંથી કયું યોગ્ય છે ?

(A) $\frac{x}{m} = K \cdot C^{\frac{1}{n}}$ (B) $\frac{x}{m} = \frac{ac}{1+bc}$ (C) $\frac{m}{x} = \frac{1}{K} \cdot \frac{1}{C^{\frac{1}{n}}}$ (D) $\frac{m}{x} = \frac{1+bc}{ac}$

**43.** એક ઘનની સપાટી પર 20 % $N_2$ વાયુ અધિશોષિત થયેલો છે. આ સપાટીને ગરમ કરવામાં આવે છે ત્યારે વાયુ સપાટી છોડીને 0.001 વાતાવરણ દબાણે અને 298 K તાપમાને 2.46 સેમી$^3$ કદના પાત્રમાં જમા થાય છે. જો સપાટીની ઘનતા $6.023 \times 10^{14}$ સેમી$^{-2}$ અને સપાટીનું ક્ષેત્રફળ 1000 સેમી$^2$ હોય, તો $N_2$ વાયુ દ્વારા રોકાયેલ સપાટીની બાજુઓની સંખ્યા કેટલી હશે ?

(A) 5 (B) 4 (C) 2 (D) 8

**44.** 1 M 50 મિલિ ઓક્ઝેલિક ઍસિડને 0.5 ગ્રામ લાકડાના ભૂકા સાથે હલાવવામાં આવે છે. આથી અધિશોષણ ઘટના શક્ય બને છે. અધિશોષણ ઘટના પછી દ્રાવણની અંતિમ સાંદ્રતા 0.6 M છે, તો પ્રતિગ્રામ લાકડાના ભૂકા વડે અધિશોષિત થયેલ ઓક્ઝેલિક ઍસિડ $[H_2C_2O_4]$ની માત્રા (જથ્થો) કેટલો હશે ?

(A) 5.04 ગ્રામ (B) 4.05 ગ્રામ (C) 7.05 ગ્રામ (D) 2.08 ગ્રામ

**45.** $27^o$ સે તાપમાને 1 લિટર ક્ષમતા ધરાવતા એક પાત્રમાં 6.0 ગ્રામ વજન ધરાવતા ચારકોલના ટુકડાને એક વાયુના સંપર્કમાં લાવવામાં આવે છે, તો વાયુના દબાણમાં 700થી 400 મિમિનો ઘટાડો થાય છે, તો STP એ વાયુનું કદ કેટલું હશે ? (ચારકોલના ટુકડાની ઘનતા = 1.5 ગ્રામ સેમી$^{-3}$)

(A) 30 મિલિ (B) 60 મિલિ (C) 90 મિલિ (D) 120 મિલિ

46 નીચેનામાંથી કઈ પ્રક્રિયાઓ વિષમાંગ ઉદ્દીપન માટેની છે ?

(I) $2SO_{2(g)} + O_{2(g)} \xrightarrow{NO_{(g)}} 2SO_{3(g)}$

(II) $2SO_{2(g)} \xrightarrow{[Pt_{(s)}]} 2SO_{3(g)}$

(III) $N_{2(g)} + 3H_{2(g)} \xrightarrow{[Fe_{(s)}]} 2NH_{3(g)}$

(IV) $CH_3COOCH_{3(l)} + H_2O_{(l)} \xrightarrow{[H^+_{(aq)}]} CH_3COOH_{(aq)} + CH_3OH_{(aq)}$

(A) (IV) (B) (I), (II), (III) (C) (II), (III) (D) (II), (III), (IV)

47 ઉદ્દીપકના ઉપયોગવાળી પ્રક્રિયામાં ઉદ્દીપકોનો ફાળો જણાવો :

(A) સક્રિયકરણ ઊર્જામાં ઘટાડો કરે. (B) સક્રિયકરણ ઊર્જામાં વધારો કરે.

(C) મુક્ત ઊર્જામાં થતા ફેરફાર પર અસર કરે. (D) એન્થાલ્પી ફેરફાર પર અસર કરે.

48 પૃષ્ઠ ઉદ્દીપનીય પ્રક્રિયાના વેગમાં વધારો કરવા માટે નીચેનામાંથી કયાં પરિબળો જવાબદાર છે. યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(I) ઉદ્દીપક એ પ્રક્રિયકના અણુઓને પ્રક્રિયા થવા માટેની યોગ્ય દિશા (Orientation) પૂરી પાડે છે.

(II) પ્રક્રિયકના અણુઓની અધિશોષણ ઉષ્માના ઉપયોગ દ્વારા ઉદ્દીપક પ્રક્રિયકોના અણુઓની સક્રિયકરણ ઊર્જામાં ઘટાડો કરે છે.

(III) ઉદ્દીપક એ પ્રક્રિયાની સક્રિયકરણ ઊર્જામાં વધારો કરે છે.

(IV) ઉદ્દીપકની સપાટી ઉપર રહેલાં સક્રિય કેન્દ્રો પર થતા અધિશોષણને લીધે પ્રક્રિયક અણુઓની સાંદ્રતામાં વધારો કરે છે.

(A) (I) અને (II) (B) (I), (II) અને (III) (C) (I), (II) અને (IV) (D) (II) અને (IV)

49 પ્રતિવર્તી પ્રક્રિયા માટે ઉદ્દીપક એ એવો પદાર્થ છે કે જે..........

(A) પુરોગામી પ્રક્રિયાના વેગમાં વધારો કરે છે.

(B) પ્રક્રિયાના એન્થાલ્પી ફેરફારના મૂલ્યમાં ઘટાડો કરે છે.

(C) પ્રક્રિયાની સંતુલન સ્થિતિ પ્રાપ્ત થવાના સમયમાં ઘટાડો કરે છે.

(D) પ્રતિવર્તી પ્રક્રિયાના વેગમાં ઘટાડો કરે છે.

50 પેટ્રોરસાયણ ઉદ્યોગોમાં આલ્કોહોલનું નિર્જલીકરણ કરીને સીધું જ ગેસોલિનમાં કોણ ફેરવે છે ?

(A) પ્લેટિનમ (B) ZSM–5 (C) આયર્ન (D) નિકલ

51 વનસ્પતિ તેલના હાઇડ્રોજીનેશન દ્વારા વનસ્પતિ ઘી બનાવવા માટે કયો ઉદ્દીપક ઉપયોગી છે ?

(A) Pt (B) Mo (C) રેનીનિકલ (D) Fe

52 નીચેનામાંથી પૃષ્ઠ ઉદ્દીપન (વિષમાંગ ઉદ્દીપન)નું ઉદાહરણ કયું યોગ્ય છે ?

(A) સુક્રોઝનું વ્યુત્ક્રમણ (B) હેબરવિધિથી એમોનિયમનું ઉત્પાદન

(C) લેડ ચેમ્બરવિધિથી $H_2SO_4$નું ઉત્પાદન (D) એસ્ટરનું જળવિભાજન

53 આકાર-વરણાત્મક ઉદ્દીપન પ્રક્રિયાનો આધાર નીચેનામાંથી શાના ઉપર રહેલો છે ?

(A) પ્રક્રિયકનું કદ (B) ઉદ્દીપકની છિદ્ર-રચના (C) નીપજ અણુઓ (D) આપેલા બધા જ

54 $(CO + H_2)$માંથી હાઇડ્રોજનનું ઔદ્યોગિક રીતે ઉત્પાદન કરવાની પદ્ધતિ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) COને $CaCl_2$ના દ્રાવણમાં શોષીને દૂર કરવામાં આવે છે.

(B) $H_2$ વાયુને Pd ધાતુની સપાટી પર શોષીને દૂર કરવામાં આવે છે.

(C) COનું $CO_2$માં ઑક્સિડેશન પાણીની વરાળ વડે કરી $CO_2$ ને વાયુને આલ્કલીમાં અધિશોષિત કરવામાં આવે છે.

(D) CO અને $H_2$ વાયુને તેમની ઘનતામાં તફાવતથી અંશતઃ જુદા પાડવામાં આવે છે.

55 $\alpha$-ઓલિફિન, CO અને $H_2$ વચ્ચેની પ્રક્રિયાથી આલ્ડિહાઇડ બનાવવાની પ્રક્રિયામાં કયા ઉદ્દીપકનો ઉપયોગ કરવામાં આવે છે.

(A) Ni / Pd સંકીર્ણ સંયોજન (B) Rh / Pd સંકીર્ણ સંયોજન

(C) $[Rh(CO)_2I_2]^-$ (D) Mo(VI) સંકીર્ણ

**56.** ઉદ્દીપકની સક્રિયતાનો આધાર શેના પર રહેલો છે ?

(A) રાસાયણિક અધિશોષણના પ્રકાર પર (B) ભૌતિક અધિશોષણના પ્રકાર પર

(C) રાસાયણિક અધિશોષણના સામર્થ્ય પર (D) ઉદ્દીપકની વરણાત્મકતા પર

**57.** 300 K તાપમાને અને 0.7 વાતાવરણ દબાણે 1.2 ગ્રામ ચારકોલ દ્વારા 3.0 ગ્રામ ઑક્સિજન વાયુ અધિશોષિત થાય છે, તો 300 K તાપમાને અને 0.7 વાતાવરણ દબાણે ઑક્સિજન વાયુનું કદ કેટલું થશે ?

(A) 2741 સેમી$^3$ (B) 1746 સેમી$^3$ (C) 4127 સેમી$^3$ (D) 4617 સેમી$^3$

**58.** નીચેનામાંથી કઈ જૈવરાસાયણિક પ્રક્રિયામાં યુરેઝ ઉત્સેચક વપરાય છે ?

(A) લિપિડનું પાચન (B) સ્ટાર્ચનું પાચન (C) યુરિયાનું જળવિભાજન (D) માલ્ટોઝનું જળવિભાજન

| |
|---|
| જવાબો : **41.** (A), **42.** (B), **43.** (C), **44.** (A), **45.** (B), **46.** (C), **47.** (A), **48.** (C), **49.** (C), **50.** (B), **51.** (C), **52.** (B), **53.** (D), **54.** (C), **55.** (B), **56.** (C), **57.** (A), **58.** (C) |

● **કલિલ અવસ્થા**

**સાચાં દ્રાવણો, કલિલ અને સસ્પેન્શન (આલંબન-નિલંબન) વચ્ચે તફાવત**

સાચાં દ્રાવણો તેમજ આલંબન અથવા નિલંબન (સસ્પેન્શન) આ બંને પરિસ્થિતિઓની વચ્ચે એક મોટો પ્રણાલી સમૂહ છે. જે-તે કલિલીય વિક્ષેપન અથવા પરિક્ષેપણ (Colloidal Dispersion) કહે છે.

**કલિલ :** 'કલિલ એક વિષમાંગ પ્રણાલી છે. જેમાં એક પદાર્થ જેને આપણે વિક્ષેપન માધ્યમ કહીએ છીએ તેમાં ખૂબ ઝીણા કણો આવેલા હોય છે.'

દ્રાવણ અને કલિલ વચ્ચેનો તફાવત તેમાં રહેલા કણોના કદ (Size)ના લીધે જોવા મળે છે.

આપેલા કોષ્ટકમાં સાચાં દ્રાવણો, કલિલ દ્રાવણો અને આલંબન અથવા નિલંબન (સસ્પેન્શન) વચ્ચેનો તફાવત દર્શાવેલ છે.

| સાચાં દ્રાવણો | કલિલ દ્રાવણો | સસ્પેન્શન (આલંબન/નિલંબન) |
|---|---|---|
| (1) તેમાં રહેલા કણોના કદનો વ્યાસ અતિશય નાનો કે જેને માઈક્રોસ્કોપ દ્વારા પણ જોઈ શકાતા નથી. એટલે કે કણોના કદનો વ્યાસ < 1nm અથવા $10^{-9}$ મીટર જેટલો હોય છે. | (1) તેમાં રહેલા કણોના કદનો વ્યાસ સાચાં દ્રાવણ કરતાં સહેજ મોટો તથા આલંબન કે નિલંબન કરતાં સહેજ નાનો હોય છે. એટલે કે મધ્યવર્તી હોય છે. જેને અલ્ટ્રા માઈક્રોસ્કોપ દ્વારા જોઈ શકાય છે. કણોના કદનો વ્યાસ 1 nm – 1000nm એટલે કે $10^{-9}$ થી $10^{-6}$ મીટર જેટલો હોય છે. | (1) તેમાં રહેલા કણોના કદનો વ્યાસ અતિશય મોટો હોય છે કે જેને નરી આંખે પણ જોઈ શકાય છે. એટલે કે કણોના કદનો વ્યાસ > 1000 nm અથવા > $10^{-9}$ મીટર જેટલો હોય છે. |
| (2) તે સમાંગ મિશ્રણ છે. | (2) તે વિષમાંગ મિશ્રણ છે. | (2) તે પણ વિષમાંગ મિશ્રણ છે. |
| (3) તેમાંના ઘટક કણોને ગાળણ કે અલ્ટ્રાફિલ્ટ્રેશન જેવી ક્રિયા દ્વારા જુદા પાડી શકાતા નથી. | (3) તેમાં રહેલા ઘટક કણોને ગાળણક્રિયા દ્વારા નહિ પરંતુ અલ્ટ્રા-ફિલ્ટ્રેશન પ્રક્રિયા દ્વારા જુદા પાડી શકાય છે. | (3) તેમાં રહેલા ઘટક કણોને સામાન્ય ગાળણક્રિયા દ્વારા જુદા પાડી શકાય છે. |
| (4) ઘટક કણો નીચે બેસી જતા નથી એટલે કે ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરે છે. | (4) સેન્ટ્રિફ્યુગેશન પ્રક્રિયા દ્વારા તેમાંના ઘટક કણો નીચે બેસી જાય છે. | (4) ગુરુત્વાકર્ષણ બળને લીધે ઘટક-કણો નીચે બેસી જાય છે. |
| (5) ટિંડલ અસર અને બ્રાઉનિયન ગતિ દર્શાવતા નથી. | (5) ટિંડલ અસર અને બ્રાઉનિયન ગતિ દશાવે છે. | (5) ટિંડલ અસર અને બ્રાઉનિયન ગતિ ક્યારેક દર્શાવે છે. |
| (6) દા.ત., ખાંડ અથવા મીઠાનું પાણીમાં દ્રાવણ | (6) દા.ત., દૂધ, ડહોળું પાણી, સ્ટાર્ચનું દ્રાવણ, ગોલ્ડ વિલય, સલ્ફર વિલય | (6) દા.ત., પાણીમાં રેતી અથવા તેલનું મિશ્રણ, કાર્બનિક પ્રવાહી અને પાણી |

## ● કલિલનું વર્ગીકરણ (Classification of Colloids)

કલિલનું વર્ગીકરણ નીચેના મુદ્દાઓને આધારે ત્રણ પ્રકારમાં કરવામાં આવે છે :

(1) વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમની ભૌતિકસ્થિતિ,

(2) વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમ વચ્ચેનો આકર્ષણનો સ્વભાવ,

(3) વિક્ષેપિત કલાના કણોના પ્રકાર

### (1) વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમની ભૌતિકસ્થિતિને આધારે કલિલનું વર્ગીકરણ :

વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમ ઘન, પ્રવાહી કે વાયુ હોય તેના આધારે આ વર્ગીકરણમાં આઠ પ્રકારની કલિલ પ્રણાલીઓનો સમાવેશ થાય છે, જે આપેલા કોષ્ટકમાં દર્શાવેલ છે :

| ક્રમ | વિક્ષેપિત કલા | વિક્ષેપન માધ્યમ | કલિલનો પ્રકાર | ઉદાહરણ |
|---|---|---|---|---|
| (1) | ઘન | ઘન | ઘનસોલ (Sol) | કેટલાક રંગીન કાચ અને જૅમ સ્ટૉન |
| (2) | ઘન | પ્રવાહી | સોલ | કોષ પ્રવાહી |
| (3) | ઘન | વાયુ | એરોસોલ | ધુમાડો, રજ |
| (4) | પ્રવાહી | ઘન | જેલ (Gel) | ચીઝ, માખણ, જેલી |
| (5) | પ્રવાહી | પ્રવાહી | પાયસ અથવા ઇમલ્શન | દૂધ, હેરક્રીમ |
| (6) | પ્રવાહી | વાયુ | એરોસોલ | ધુમ્મસ, વાદળ, કિટનાશકોનો છંટકાવ |
| (7) | વાયુ | ઘન | ઘનસોલ | પ્યુમાઇસ પથ્થર, ફોમ રબર |
| (8) | વાયુ | પ્રવાહી | ફીણ | પ્લવન, સાબુનું ફીણ |

### (2) વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમ વચ્ચેના આકર્ષણના સ્વભાવને આધારે :

આ પ્રકારના વર્ગીકરણમાં કલિલનું બે પ્રકારે નીચે મુજબ વર્ગીકરણ કરવામાં આવેલ છે :

(1) લાયોફિલિક અથવા હાઇડ્રોફિલિક – કલિલ કણો દ્રાવકને આકર્ષે

(2) લાયોફોબિક અથવા હાઇડ્રોફોબિક – કલિલ કણો દ્રાવકને અપાકર્ષે

નીચેના કોષ્ટકમાં લાયોફિલિક અને લાયોફોબિક કલિલનું વર્ગીકરણ દર્શાવેલ છે :

| લાયોફિલિક કલિલ | લાયોફોબિક કલિલ |
|---|---|
| (1) લાયોફિલિક કલિલ પ્રવાહી-સ્નેહી (આકર્ષક) હોય છે. તેમનાં કલિલ દ્રાવણો સીધાં જ મેળવી શકાય છે. | (1) લાયોફોબિક કલિલ પ્રવાહી વિરોધી (અપાકર્ષક) હોય છે. તેમનાં કલિલ દ્રાવણો બનાવવા માટે ચોક્કસ પદ્ધતિની જરૂર પડે છે. |
| (2) આવા કલિલમાંથી વિક્ષેપન માધ્યમ દૂર કરવામાં આવે તો વિક્ષેપિત કલા પાછી મળે છે. તેમજ ફરીથી વિક્ષેપન માધ્યમ ઉમેરવામાં આવે તો લાયોફિલિક કલિલ મળે છે. | (2) આવા કલિલમાંથી વિક્ષેપન માધ્યમ દૂર કરવામાં આવે, તો વિક્ષેપિત કલા પાછી મળતી નથી. |
| (3) આવા કલિલનું સ્કંદન આપમેળે થતું નથી, આથી તેમને સ્થાયી કલિલ કહે છે. | (3) આ સોલમાં થોડા પ્રમાણમાં વિદ્યુત-વિભાજ્ય ઉમેરી ગરમ કરવાથી અથવા ખૂબ હલાવવાથી અવક્ષેપ મળે છે અથવા સ્કંદન પામે છે, આથી તે સ્થાયી હોતા નથી. |
| (4) આવા કલિલ અથવા સોલ પરિવર્તનીય ગુણધર્મ ધરાવતા હોવાથી તેમને પરિવર્તનીય કલિલ કહે છે. | (4) આવા કલિલમાંથી વિક્ષેપન માધ્યમને અલગ કરી, ફરી વાર તે જ વિક્ષેપન માધ્યમ સાથે મિશ્ર કરવામાં આવે, તો તે અવક્ષેપ ફરી સોલ આપતા નથી. આથી, તેમને અપરિવર્તનીય કલિલ કહે છે. |

| | |
|---|---|
| (5) આવા કલિલ સ્થાયી હોવાથી તેમાં કોઈ સ્થાયી કારક (સ્ટેબિલાઇઝર) ઉમેરવો પડતો નથી. | (5) આવા કલિલની સ્થાયિતા જાળવી રાખવા માટે તેમાં યોગ્ય સ્થાયીકારક પદાર્થ ઉમેરવો પડે છે. |
| (6) આવા કલિલની સ્નિગ્ધતા વિક્ષેપન માધ્યમ કરતાં ઘણી વધારે હોય છે. | (6) આવા કલિલની સ્નિગ્ધતા લગભગ વિક્ષેપન માધ્યમ જેટલી અથવા તેની નજીકની હોય છે. |
| (7) સામાન્ય રીતે આવા કલિલનું પૃષ્ઠતાણ વિક્ષેપન માધ્યમ કરતાં ઘણું ઓછું હોય છે. | (7) આવા કલિલનું પૃષ્ઠતાણ સામાન્ય રીતે વિક્ષેપન માધ્યમ જેટલું જ હોય છે. |
| (8) આવાં કલિલ દ્રાવણો ટિંડલ અસર દર્શાવતા નથી. | (8) આવા કલિલ ટિંડલ અસર દર્શાવે છે. |
| (9) દા.ત., ગુંદર, જિલેટિન, સ્ટાર્ચ, રબર વગેરે. | (9) દા.ત., ધાતુઓ અને તેમના સલ્ફાઈડ વગેરે. |

ટૂંકમાં, ઘનનું પ્રવાહીમાં વિક્ષેપન $\rightarrow$ સોલ

પ્રવાહીનું ઘનમાં વિક્ષેપન $\rightarrow$ જેલ

પ્રવાહીનું પ્રવાહીમાં વિક્ષેપન $\rightarrow$ પાયસ/ઇમલ્શન

જો કલિલમાં વિક્ષેપન માધ્યમ પાણી હોય, તો $\rightarrow$ એક્વાસોલ/હાઇડ્રોસોલ

જો કલિલમાં વિક્ષેપન માધ્યમ આલ્કોહોલ હોય, તો $\rightarrow$ આલ્કોસોલ

**59.** કલિલ કણોના કદનો વિસ્તાર કેટલો છે ?

(A) $10^{-9} - 10^{-6}$ મીટર (B) $> 10^{-9}$ મીટર (C) $< 10^{-9}$ મીટર (D) 1 nm – 100 nm

**60.** ફોમ રબર એ કલિલનો કયો પ્રકાર દર્શાવે છે ?

(A) સોલ (B) ઘનસોલ (C) એરોસોલ (D) જૅલ

**61.** પ્યુમાઇસ પથ્થર એ કયા પ્રકારનો કલિલ છે ?

(A) સોલ (B) ઘનસોલ (C) એરોસોલ (D) જૅલ

**62.** કલિલ કણોની અધિશોષણ ક્ષમતા ખૂબ જ વધારે છે. તેના માટે નીચેનામાંથી કયું કારણ જવાબદાર છે :

(A) કલિલ કણો પરનો વિદ્યુતભાર (B) કલિલ કણોની સપાટીનું ક્ષેત્રફળ

(C) કલિલ કણોની બ્રાઉનિયન ગતિ (D) કલિલ કણોનું દ્રાવક પ્રત્યેનું પ્રબળ આકર્ષણ

**63.** બધા જ કલિલીય વિક્ષેપન...

(A) ખૂબ જ ઊંચું અભિસરણ દબાણ ધરાવે છે. (B) નીચું અભિસરણ દબાણ ધરાવે છે.

(C) અભિસરણ દબાણ ધરાવતા નથી. (D) ઊંચું અભિસરણ દબાણ ધરાવે છે.

**64.** લાયોફિલિક કલિલ એ....

(A) અપરિવર્તનીય કલિલ (B) તેમને અકાર્બનિક સંયોજનોમાંથી બનાવવામાં આવે છે.

(C) વિદ્યુતવિભાજ્ય ઉમેરવાથી સ્કંદન પામે છે. (D) સ્વયંભૂ સ્થાયીકારી

**65.** આલ્કોહોલ-ઈથર મિશ્રણમાં નીચેનામાં કયા પદાર્થનું 4 % દ્રાવણ ઉમેરવાથી કલિલ દ્રાવણ (Colloidion) બનશે ?

(A) નાઇટ્રોગ્લિસરીન (B) સેલ્યુલોઝ એસિટેટ (C) ગ્લાયકોડિન નાઈટ્રેટ (D) નાઈટ્રોસેલ્યુલોઝ

**66.** કલિલકણોના કદ $V_C$ને સાચા દ્રાવણ $V_S$માં દ્રાવ્ય કરતાં તેનું કદ કેટલું થશે ?

(A) $\frac{V_C}{V_S} \simeq 1$ (B) $\frac{V_C}{V_S} \simeq 10^{23}$ (C) $\frac{V_C}{V_S} \simeq 10^{-3}$ (D) $\frac{V_C}{V_S} \simeq 10^{3}$

**67.** 1 મિમિ ત્રિજ્યા ધરાવતો સસ્પેન્શન (આલંબિત/નિલંબિત) કણ 1000 $\overset{\circ}{A}$ ત્રિજ્યા ધરાવતા કલિલમય કણોમાં ફેરવાય છે, તો તેમની સપાટીનું ક્ષેત્રફળ સસ્પેન્શન કણની સરખામણીમાં કેટલું થશે ?

(A) $10^3$ (B) $10^4$ (C) $10^5$ (D) $10^6$

**68.** કૅલ્શિયમ એસિટેટના સંતૃપ્ત જલીય દ્રાવણમાં આલ્કોહોલ ઉમેરવાથી પ્રથમ તે સોલ બનાવે છે, ત્યાર બાદ તેમાં જીલેટિન જેવો દળદાર પદાર્થ મળે છે, જેને ઘન આલ્કોહોલ કહે છે, તો તે શું હશે ?

(A) જૅલ (B) ઘનફોમ (C) પ્રવાહી સોલ (D) એરોસોલ

**69.** નીચેનામાંથી કયો ગુણધર્મ હાઇડ્રોફિલિક સોલ માટેનો નથી ?

(A) વિક્ષેપન માધ્યમની સાંદ્રતા ઊંચી હોવાથી સરળતાથી પ્રાપ્ત થાય.

(B) સ્કંદનની પ્રક્રિયા પ્રતિવર્તી

(C) પૃષ્ઠતાણ અને સ્નિગ્ધતા એ પાણી જેટલા જ

(D) કણો પરનો વીજભાર માધ્યમની pHને આધારે ધન, ઋણ અથવા શૂન્ય હોઈ શકે છે.

**70.** વિક્ષેપન માધ્યમમાં નીચેનામાંથી કઈ સ્પિસિઝની કલિલ પ્રણાલી પ્રાણી પ્રત્યે અપ્રતિવર્તી વલણ ધરાવે છે.

(A) માટી (B) પ્લેટિનમ (C) $Fe(OH)_3$ (D) આપેલા બધા જ

**71.** નીચેનામાંથી લાયોફિલિક અને લાયોફોબિક કલિલની સાચી લાક્ષણિકતા કઈ છે ?

(A) લાયોફોબિક કલિલ ઉચ્ચ જલીયકરણ શક્તિ ધરાવે છે, જ્યારે લાયોફિલિક કલિલ ધરાવતા નથી.

(B) લાયોફિબિક કલિલની સ્નિગ્ધતા અને પૃષ્ઠતાણ વિક્ષેપન માધ્યમ કરતાં નીચાં હોય છે.

(C) લાયોફોબિક કલિલ સરળતાથી સ્કંદન પામે છે, જ્યારે લાયોફિલિક સ્કંદન પામતા નથી.

(D) સોનાના કલિલ સોલ અપરિવર્તનીય છે કારણ કે સોનું પાછું મેળવી શકાતું નથી.

**72.** કલિલ દ્રાવણો માટે નીચેનામાંથી કયો ગુણધર્મ યોગ્ય છે ?

(A) અર્ધપારગમ્ય પડદામાંથી કલિલ કણો ધીમા વેગથી પ્રસરણ પામે છે.

(B) કલિલ કણો ગુરુત્વાકર્ષણના પ્રભાવ હેઠળ નીચે બેસી શકતા નથી.

(C) કલિલ કણોને અતિશક્તિ આથી સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી પણ સ્પષ્ટ જોઈ શકતા નથી.

(D) આપેલ બધાં જ વિધાનો સાચાં છે.

**73.** જો વિક્ષેપિત કલા પ્રવાહી અને વિક્ષેપન માધ્યમ ઘન હોય તો, તે કલિલ કયા નામે ઓળખાય છે.

(A) સોલ (B) ઇમ્લ્શન (C) જૅલ (D) ફોમ

**74.** લાયોફિલિક કલિલની સ્થિરતા શાને આભારી છે ?

(A) તેમના કણો પરનો વીજભાર (B) તેમના કણો ઉપર રહેલ વિક્ષેપન માધ્યમનું સ્તર

(C) તેમના કણોનું નાનું કદ (D) તેમના કણોનું મોટું કદ

**75.** નીચેનામાંથી કયું હાઇડ્રોફોબિક સોલ છે ?

(A) સ્ટાર્ચ દ્રાવણ (B) ગુંદર દ્રાવણ

(C) પ્રોટીન દ્રાવણ (D) આર્સેનિક સલ્ફાઇડ $(As_2S_3)$ દ્રાવણ

**76.** દૂધ (Milk) એ...

(A) તેલમાં વિક્ષેપિત ફેટ (B) પાણીમાં વિક્ષેપિત ફેટ (C) ફેટમાં વિક્ષેપિત પાણી (D) તેલમાં વિક્ષેપિત પાણી

**77.** ફોગ (Fog) એ કેવા પ્રકારની કલિલ પ્રણાલીનું ઉદાહરણ છે ?

(A) વાયુમાં વિક્ષેપિત પ્રવાહી (B) વાયુમાં વિક્ષેપિત વાયુ (C) વાયુમાં વિક્ષેપિત ઘન (D) પ્રવાહીમાં વિક્ષેપિત વાયુ

**78.** નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) દરેક ઘન પદાર્થ કલિલ અવસ્થામાં ફેરવાઈ શકે છે.

(B) કલિલકણો વીજભાર ધરાવે છે.

(C) દરેક ઘન પદાર્થ લાયોફિલિક કલિલ બનાવવાની ક્ષમતા ધરાવે છે.

(D) કલિલકણોમાં વિદ્યુતવિભાજ્ય ઉમેરવાથી ઊર્ણન (Flocculation)ની ઘટના શક્ય બને છે.

**79.** નીચેનામાંથી કઈ જોડ ખોટી છે ?

(i) સ્ટાર્ચ દ્રાવણ : સોલ

(ii) જલીય NaCl : સાચું દ્રાવણ

(iii) દૂધ : ઇમલ્શન

(iv) જલીય $BaSO_4$ : સાચું દ્રાવણ

(A) (i) (B) (ii) (C) (iii) (D) (iv)

| |
|---|
| જવાબો : **59.** (A), **60.** (C), **61.** (B), **62.** (A), **63.** (B), **64.** (D), **65.** (D), **66.** (D), **67.** (B), **68.** (A), **69.** (C), **70.** (D), **71.** (C), **72.** (D), **73.** (C), **74.** (B), **75.** (D), **76.** (C), **77.** (A), **78.** (C), **79.** (C) |

**● બહુઆણ્વિય, વિરાટ આણ્વિય અને સમુચ્ચયિત કલિલ (મિસેલ)**

વિક્ષેપિત કલાના કણોના પ્રકારને આધારે કલિલોનું વર્ગીકરણ નીચના ત્રણ પ્રકારે કરવામાં આવે છે :

**(1) બહુ આણ્વિય કલિલ (Multi Molecular) :** 'જ્યારે વિલયન કરવામાં આવે છે, ત્યારે પદાર્થોના પરમાણુની મોટી સંખ્યા અથવા નાના અણુઓ એકબીજા સાથે સમુચ્ચયથી ભેગા થાય છે અને એવી સ્પિસિઝ તૈયાર કરે છે, જેનો વ્યાસ 1 nmથી વધુ હોય છે. એટલે કે કલિલ કણોના વ્યાસના ગાળામાં હોય છે. આવી સ્પિસિઝને બહુઆણ્વિય કલિલ કહે છે.' દા.ત., ગોલ્ડ વિલય અને સલ્ફર વિલય.

**(2) વિરાટ આણ્વિય કલિલ (Macro Molecular) :** 'વિરાટ અણુઓના આણ્વિયદળ ઘણાં વધારે હોય છે. આવા અણુઓને યોગ્ય દ્રાવકમાં ઓગાળવાથી જે દ્રાવણ બને છે તેમાં વિરાટ આણ્વિય પદાર્થોના નાના કદ કલિલ કણોના કદના ગાળામાં ફેરવાય છે. આવી પ્રણાલીને વિરાટ આણ્વિય કલિલ કહે છે.'

દા.ત., **કુદરતી વિરાટ આણ્વિય કલિલ :** સ્ટાર્ચ, પ્રોટીન, સેલ્યુલોઝ, ઉત્સેચકો

**માનવસર્જિત વિરાટ આણ્વિય કલિલ :** નાયલોન, પોલિઇથિલીન, પોલિસસ્ટાયરિની, કૃત્રિમ રબર

**(3) સમુચ્ચયિત કલિલ / મિસેલ (Associated Colloids) :** 'કેટલાક પદાર્થો તેમની ઓછી સાંદ્રતાએ સામાન્ય વર્તણૂક દર્શાવે છે, પરંતુ ઊંચી (વધુ) સાંદ્રતાએ કલિલ કણોનો પુંજ (સમુચ્ચય) બને છે. જેને સમુચ્ચયિત કલિલ (મિસેલ) કહે છે.'

- મિસેલની રચના અમુક તાપમાનથી ઉપરના તાપમાને થાય છે. તેને ક્રાફ્ટ તાપમાન ($T_K$) કહે છે.
- ચોક્કસ સાંદ્રતા કરતાં વધુ સાંદ્રતાએ મિસેલ રચાય છે તેને ક્રાંતિક મિસેલ સાંદ્રતા (CMC) કહે છે.
- આ કલિલોનું મંદન કરતાં પોતાના વ્યક્તિગત મૂળ આયનોમાં ફેરવાઈ જાય છે.
- સમુચ્ચયિત કલિલ લાયોફિલિક અને લાયોફોબિક એમ બંને પ્રકારના ભાગ ધરાવતા હોય છે.
- મિસેલમાં 100 કે તેથી વધુ અણુઓ રહેલા હોય છે.
- દા.ત., પૃષ્ઠસક્રિય પદાર્થો-સાબુ અને કૃત્રિમ ડિટરજન્ટ

**● મિસેલ રચનાની ક્રિયાવિધિ**

સાબુને ઊંચા ફેટી ઍસિડના ક્ષાર તરીકે ગણવામાં આવે છે. આથી સાબુના દ્રાવણના ઉદાહરણ દ્વારા મિસેલ રચનાની ક્રિયાવિધિ સમજાવી શકાય છે.

સોડિયમ સ્ટિયરેટ $CH_3(CH_2)_{16}COO^-Na^+$ અથવા $RCOO^-Na^+$ જ્યાં, $R = CH_3(CH_2)_{16}$

તેને પાણીમાં ઓગાળતાં $RCOO^-$ અને $Na^+$ આયનોમાં વિયોજિત થાય છે.

$RCOO^-$ આયનમાં બે ભાગ રહેલા છે : (1) લાંબી હાઇડ્રોકાર્બન શ્રૃંખલા R કે જેને અધ્રુવિય પૂંછડી કહે છે. તે હાઇડ્રોફોબિક હોય છે. (2) ધ્રુવિય ભાગ $COO^-$ કે જે આયનીય શિર તરીકે ઓળખાય છે અને હાઇડ્રોફિલિક હોય છે.

જ્યારે $RCOO^-$ આયનો સપાટી પર હાજર હોય છે ત્યારે તેમનો $COO^-$ ભાગ પાણીમાં રહે છે અને હાઇડ્રોકાર્બન ભાગ R તેનાથી દૂર અને સપાટી પર રહે છે.

ઊંચી સાંદ્રતાએ તેમને દ્રાવણના જથ્થામાં ખેંચવાથી ગોળાકાર સ્વરૂપમાં સમુચ્ચય થઈ તેમની હાઇડ્રોકાર્બન શ્રૃંખલાને કેન્દ્ર તરફ આકર્ષિત કરે છે. આ સમયે $COO^-$ ભાગ સપાટી પર બહારની બાજુએ રહે છે. આ પ્રમાણે બનતા સમુચ્ચયને **આયનીય મિસેલ** કહે છે.

ડિટરજન્ટ : દા.ત., સોડિયમ લોરિલ સલ્ફેટ $[CH_3(CH_2)_{11}SO_4^-Na^+]$




શરૂઆતમાં સ્થિતિ




મિસેલ

**80.** સ્ટાર્ચનું દ્રાવણ એ કલિલનો નીચેનામાંથી કયો પ્રકાર દર્શાવે છે :

(A) બહુઆણ્વિય કલિલ (B) વિરાટ આણ્વિય કલિલ (C) સમુચ્ચયિત કલિલ (D) મિસેલ

**81.** $CH_3(CH_2)_{16}COO^-Na^+$ સૂત્ર માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે :

(A) તેમાં રહેલા અણુઓ કે આયનો કલિલ કણોની હદના હોય છે.

(B) તેના અણુઓ કે આયનો અમુક સાંદ્રતાથી ઊંચી સાંદ્રતાએ સમુચ્ચયિત કલિલ રચે છે.

(C) તેની મિસેલ રચનામાં, ધ્રુવીય ભાગ પાણી તરફ અને હાઇડ્રોકાર્બન ભાગ કેન્દ્રમાં ગોઠવાયેલ હોય છે.

(D) તેની મિસેલ રચનામાં આશરે તેના 100 જેટલાં આયનો હોય છે.

**82.** સોડિયમ સ્ટિયરેટ મિસેલ માટે નીચેનામાંથી કયું યોગ્ય છે :

(A) હાઇડ્રોફોબિક શિર અને હાઇડ્રોફોબિક પૂંછડી (B) હાઇડ્રોફોબિક શિર અને હાઇડ્રોફિલિક પૂંછડી

(C) હાઇડ્રોફિલિક શિર અને હાઇડ્રોફોબિક પૂંછડી (D) હાઇડ્રોફોબિક શિર અને હાઇડ્રોફિલિક પૂંછડી

**83.** નીચેનામાંથી કયું સંતૃપ્ત દ્રાવણમાં અમુક સાંદ્રતાથી વધુ સાંદ્રતાએ મિસેલની રચના કરે છે.

(A) યુરિયા (B) સોડિયમ એસિટેટ

(C) સોડિયમ ડોડેસાઇલ સલ્ફેટ (D) સિટાઇલ ટ્રાય મિથાઇલ એમોનિયમ બ્રોમાઇડ

**84.** નીચેનામાંથી કઈ પરિસ્થિતિ દરમિયાન મિસેલ રચાશે ?

(A) ક્રાંતિક મિસેલ સાંદ્રતા કરતાં ઊંચી સાંદ્રતાએ તથા ક્રાફ્ટ તાપમાનથી નીચા તાપમાને

(B) ક્રાંતિક મિસેલ સાંદ્રતા કરતાં ઊંચી સાંદ્રતાએ તથા ક્રાફ્ટ તાપમાનથી ઊંચા તાપમાને

(C) ક્રાંતિક મિસેલ સાંદ્રતા કરતાં નીચી સાંદ્રતાએ તથા ક્રાફ્ટ તાપમાનથી નીચા તાપમાને

(D) ક્રાંતિક મિસેલ સાંદ્રતા કરતાં નીચી સાંદ્રતાએ તથા ક્રાફ્ટ તાપમાનથી ઊંચા તાપમાને

**85.** તેલ અથવા ચરબીના સાબુનીકરણથી પોટૅશિયમ સ્ટિયરેટ મેળવાય છે કે જેનું સૂત્ર : $CH_3-(CH_2)_{16}-COO^-K^+$ છે. આ સૂત્રનો લાયોફોબિક છેડો ($CH_3$) અને લાયોફિલિક છેડો ($COO^-K^+$) છે, તો પોટૅશિયમ સ્ટિયરેટ એ શેનું ઉદાહરણ છે ?

(A) લાયોફિલિક કલિલ (B) બહુઆણ્વિય કલિલ

(C) વિરાટ આણ્વિય કલિલ (D) સમુચ્ચયિત કલિલ (મિસેલ)

**86.** ચોક્કસ પરિસ્થિતિમાં અને નીચી મોલર સાંદ્રતાએ નીચેનામાંથી કયો પૃષ્ઠ સક્રીય પદાર્થ તેના જલીય દ્રાવણમાં મિસેલની રચના કરશે ?

(A) $CH_3(CH_2)_{15}N^+(CH_3)_3Br^-$ (B) $CH_3(CH_2)_{11}OSO_3^-Na^+$

(C) $CH_3(CH_2)_6COO^-Na^+$ (D) $CH_3(CH_2)_{11}N^+(CH_3)_3Br^-$

**87.** મિસેલ માટે નીચેનાં વિધાનોને ધ્યાનમાં લો :

(i) ક્રાંતિક મિસેલ સાંદ્રતાએ પૃષ્ઠ સક્રીય પદાર્થોના દ્રાવણના કેટલાક ગુણધર્મો જેવા કે મોલર વાહકતા, પૃષ્ઠતાણ, અભિસરણ દબાણમાં નાટકીય ફેરફાર થાય છે.

(ii) ચોક્કસ તાપમાનથી નીચા તાપમાને આયોનિક પૃષ્ઠ સક્રિય પદાર્થો મિસેલ રચી શકતા નથી.

(iii) જલીય દ્રાવણોમાં મિસેલ રચનાની એન્થાલ્પી થોડી ઋણ (Negative) હોય છે.

તેમાંથી કયા વિધાન સાચાં છે.

(A) માત્ર (i)
(B) (i) અને (ii)
(C) (i), (ii), અને (iii)
(D) (i) અને (iii)

**88.** સાબુ એ ગ્રિસને નીચેનામાંથી કઈ ક્રિયા વડે દૂર કરે છે ?

(A) અધિશોષણ
(B) ઈમલ્શિફિકેશન
(C) સ્કંદન
(D) ઊર્ણન

**89.** નીચેનામાંથી કોણ મિસેલ રચી શકશે નહિ ?

(A) સોડિયમ સ્ટિયરેટ
(B) સોડિયમ લોરિલ સલ્ફેટ
(C) સોડિયમ આલ્કાઈલ બેન્ઝિન સલ્ફોનેટ
(D) સોડિયમ બેન્ઝોએટ

**90.** મિસેલ રચના શક્ય બને છે માત્ર ઉપરના (above) ...

(A) ઈન્વર્જન તાપમાન
(B) બૉઈલ તાપમાન
(C) ક્રિટિકલ તાપમાન (ક્રાંતિક)
(D) ક્રાફ્ટ તાપમાન

**91.** ક્રાંતિક મિસેલ સાંદ્રતા (CMC) માટે નીચેનામાંથી કયો આલેખ સાચો છે ?

(A)




(B)




(C)




(D)




**92.** નીચેનામાંથી કયું એક ઉદાહરણ બહુઆણ્વિય કલિલનું છે ?

(A) પાણીમાં વિક્ષેપિત સાબુ
(B) પાણીમાં વિક્ષેપિત પ્રોટીન
(C) પાણીમાં વિક્ષેપિત સોનું
(D) પાણીમાં વિક્ષેપિત ગુંદર

**93.** નીચેનામાંથી કયો પૃષ્ઠ સક્રિય પદાર્થ (Surfactant) નથી ?

(A) $CH_3-(CH_2)_{15}-N^+(CH_3)_2-CH_2Br^-$ (N પર ઉપર $CH_3$ અને નીચે $CH_3$)

(B) $CH_3-(CH_2)_{14}-CH_2-NH_2$

(C) $CH_3-(CH_2)_{16}-CH_2OSO_2^-Na^+$

(D) $OHC-(CH_2)_{14}-CH_2COO^-Na^+$

**94.** સલ્ફર વિલય એ કલિલનો કયો પ્રકાર છે ?

(A) બહુઆણ્વિય કલિલ (B) વિરાટ આણ્વિય કલિલ (C) સમુચ્ચયિત કલિલ (D) મિસેલ

**95.** મિસેલ રચના દરમિયાન...

(A) $\Delta H = -Ve, \Delta S = -Ve$ (B) $\Delta H = +Ve, \Delta S = -Ve$

(C) $\Delta H = +Ve, \Delta S = +Ve$ (D) $\Delta H = -Ve, \Delta S = +Ve$

જવાબો : **80.** (B), **81.** (A), **82.** (C), **83.** (D), **84.** (B), **85.** (D), **86.** (A), **87.** (B), **88.** (B), **89.** (D), **90.** (D), **91.** (B), **92.** (C), **93.** (B), **94.** (A), **95.** (C)

- **કલિલની બનાવટ-કલિલના ગુણધર્મો ટિંડલ અસર, બ્રાઉનિયનગતિ, ઈલેક્ટ્રોફોરેસિસ, ડાયાલિસિસ, કલિલનું સ્કંદન અને ઊર્ણન**

**કલિલ સોલ બનાવવાની પદ્ધતિઓ નીચે મુજબ દર્શાવેલ છે :**




- **લાયોફોબિક સોલની બનાવટ**

આવા સોલ બે પદ્ધતિઓ દ્વારા બનાવી શકાય છે :

**(A) સંઘનન પદ્ધતિઓ :** આ પ્રકારની પદ્ધતિમાં પરમાણ્વિય અથવા આણ્વિય કદના કણોને સંયોજાવા પ્રેરિત કરવામાં આવે છે. જેથી કલિલના પરિમાણ ધરાવતા સમુચ્ચય બને. તેના મુખ્ય બે પ્રકાર છે :

**(1) રાસાયણિક પદ્ધતિઓ :** દ્વિવિઘટન, ઑક્સિડેશન-રિડક્શન કે જળ-વિભાજન જેવી ઘટનાથી રાસાયણિક પ્રક્રિયા દ્વારા કલિલ સોલ બનાવવામાં આવે છે. દા.ત.,

$$AS_2O_3 + 3H_2S \xrightarrow{\text{દ્વિવિઘટન}} AS_2O_3 + 3H_2O$$

$$SO_2 + 2H_2S \xrightarrow{\text{ઑક્સિડેશન}} 3S + 2H_2O$$

$$2AuCl_3 + 3HCHO + 3H_2O \xrightarrow{\text{રિડક્શન}} 2Au_{(s)} + 3HCOOH + 6HCl$$

$$FeCl_3 + 3H_2O \xrightarrow{\text{જળ-વિભાજન}} Fe(OH)_3 + 3HCl$$

**(2) ભૌતિક પદ્ધતિઓ :**

**(a) દ્રાવક વિનિમયથી :** જ્યારે કોઈ સાચું દ્રાવણ વધુ પ્રમાણમાં બીજા કોઈ દ્રાવક કે જેમાં દ્રાવ્ય પદાર્થ અદ્રાવ્ય હોય અને દ્રાવક દ્રાવ્ય હોય તેમાં મિશ્ર કરવાથી કલિલ સોલ મળે છે. દા.ત., સલ્ફરના આલ્કોહોલમાં બનાવેલા દ્રાવણમાં પાણી (દ્રાવક) ઉમેરવાથી સલ્ફરના કલિલ સોલ મળે.

**(b) અતિશય ઠારણ :** ક્લોરોફોર્મ કે ઇથર જેવા કાર્બનિક દ્રાવકમાં બરફનું કલિલ દ્રાવણ મેળવવા માટે પાણીમાંના દ્રાવણને દ્રાવકમાં ઠંડું પાડવામાં આવે છે. પાણીના અણુઓ જે દ્રાવણમાં અલગ રીતે રહી શકે નહિ, તે સંયોજાઈ કલિલ કદના કણો બનાવે છે અને સોલ મળે છે.

**(B) વિક્ષેપન પદ્ધતિઓ :** આ પ્રકારની પદ્ધતિઓમાં પદાર્થના મોટા કણોને વિક્ષેપન માધ્યમની હાજરીમાં તોડવામાં આવે છે એટલે કે નાના કણોમાં ફેરવવામાં આવે છે.

**(1) યાંત્રિક વિક્ષેપન :** આ પદ્ધતિમાં પદાર્થના મૂળ નિલંબનને વિક્ષેપન માધ્યમમાં કલિલમય અવસ્થામાં કલિલ ઘંટી વડે દળીને નાના બનાવવામાં આવે છે. આવી ઘંટીઓમાં કલિલ ઘંટી, દડાઘંટી અથવા અલ્ટ્રાસોનિક વિક્ષેપક પણ દળવા માટે વપરાય છે.

**(2) વિદ્યુતીય વિક્ષેપન અથવા બ્રેડિંગચાપ પદ્ધતિ :** ગોલ્ડ, સિલ્વર, પ્લેટિનમ જેવી ધાતુઓના કલિલમય દ્રાવણ આ પદ્ધતિથી બનાવી શકાય છે.

આ પદ્ધતિમાં વિક્ષેપન તથા સંઘનન બંને સંકળાયેલ છે.

વિક્ષેપન માધ્યમમાં રાખેલ ધાતુના ધ્રુવોની વચ્ચે વિદ્યુતચાપ લગાડવામાં આવે છે. ચાપને લીધે અતિશય ગરમી ઉત્પન્ન થાય છે જે ધાતુનું બાષ્પાયન કરે છે. આથી ધાતુના કલિલના જેટલા કદના કણો માધ્યમમાં ભળે છે.

**(3) પેપ્ટિકરણ :** 'અવક્ષેપને અલ્પ પ્રમાણમાં લીધેલા વિદ્યુતવિભાજ્યની હાજરીમાં વિક્ષેપન માધ્યમમાં હલાવીને અવક્ષેપને કલિલ કણોમાં ફેરવવામાં આવે છે અને સોલ મેળવવામાં આવે છે. આ પ્રક્રિયાને **પેપ્ટિકરણ** કહે છે.'

દા.ત., તાજા બનાવેલા ફેરિક હાઇડ્રોક્સાઇડ $(Fe(OH))_3$ના અવક્ષેપને જલીય ફેરિક ક્લોરાઇડ $(FeCl_3)$ જેને પેપ્ટીકરણ કારક કહે છે. તેથી સાથે મિશ્ર કરી હલાવવામાં આવે છે. આથી $(Fe^{3+})$ આયન અવક્ષેપની સપાટી પર અધિશોષિત થાય છે. પરિણામે કણો કલિલ કણોના ગાળામાં ફેરવાય છે અને સોલ મળે છે.

**● લાયોફિલિક સોલની બનાવટ**

આ પ્રકારના સોલ ઘણા સ્થાયી હોવાથી લાયોફિલિક પદાર્થને વિક્ષેપન માધ્યમ સાથે મેળવી, હલાવીને બનાવી શકાય છે. દા.ત., જિલેટિન, ગુંદર, સ્ટાર્ચ, ઇંડાની સફેદી વગેરે.

**● કલિલમય સોલનું શુદ્ધીકરણ**

**(1) પારશ્લેષણ અથવા ડાયાલિસિસ :** 'અર્ધપારગમ્ય પડદાનો ઉપયોગ કરી સોલમાંથી દ્રાવ્ય અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે જેને **પારશ્લેષણ** અથવા **ડાયાલિસિસ** કહે છે.'

અર્ધપારગમ્ય પડદાની કોથળી બનાવી તેમાં સોલ ભરીને તાજા નિસ્યંદિત પાણી ભરેલા પાત્રમાં ડુબાડવામાં આવે છે. આથી તેમાંથી વિદ્યુતવિભાજ્યના કણો બહાર આવી શકે છે, પરંતુ કલિલ કણો બહાર નીકળી શકતા નથી.

નવું નિસ્યંદિત પાણી પાત્રમાં ઉમેરતાં જવાનું અને અશુદ્ધિવાળું પાણી બહાર નીકળી જાય તે માટે **સાઇફન પદ્ધતિ** ગોઠવી ડાયાલિસિસ વડે સતત શુદ્ધીકરણ કરી શકાય છે.

જો કોથળીની બહાર બે વિદ્યુતધ્રુવો રાખી વિદ્યુતપ્રવાહ પસાર કરવામાં આવે, તો વિદ્યુતવિભાજ્યના ધનાયન અને ઋણાયન વિરુદ્ધ ભારવાળા વિદ્યુતધ્રુવો તરફ ઝડપથી આકર્ષાય છે અને વધુ ઝડપથી અશુદ્ધિ દૂર થાય છે. આથી, આ પદ્ધતિ સામાન્ય ડાયાલિસિસ કરતાં વધુ ઝડપી હોય છે. આ પદ્ધતિને **વિદ્યુત ડાયાલિસિસ** કહે છે.

હૉસ્પિટલોમાં કિડની ડાયાલિસિસ આ સિદ્ધાંત પર જ રચાયેલ છે.

**(2) અલ્ટ્રાફિલ્ટ્રેશન :** આ પદ્ધતિમાં કલિલમય દ્રાવણના ગાળણ માટે વિશિષ્ટ પ્રકારના ફિલ્ટર પેપર કે જેને અલ્ટ્રાફિલ્ટર પેપર કહે છે તેનો ઉપયોગ થાય છે.

**(3) અલ્ટ્રા સેન્ટ્રિફ્યુગેશન :** આ પદ્ધતિમાં કલિલમય કણોને અલ્ટ્રાસેન્ટ્રિફ્યૂજ મશીનમાં મૂકીને શુદ્ધીકરણ કરવામાં આવે છે.

● **કલિલમય દ્રાવણ-સોલના અગત્યના ગુણધર્મો**

**(1) સંખ્યાત્મક ગુણધર્મ :** કલિલ કણોના સરેરાશ આણ્વિયદળ ઘણા ઊંચા હોવાથી વિક્ષેપિત કલાનો મોલ અંશ ઘણો નીચો હોય છે. આથી સંખ્યાત્મક ગુણધર્મોનાં પરિણામોમાં નોંધપાત્ર ફેર જણાતો નથી. માત્ર અભિસરણ દબાણ પદ્ધતિનો ઉપયોગ કરી, કલિલ જેવા પોલિમર અણુઓના આણ્વિયદળ નક્કી કરી શકાય છે.

**(2) પ્રકાશીય ગુણધર્મ :**

**ટિંડલ અસર :** 'વૈજ્ઞાનિક ટિંડલે જણાવ્યું કે જો પ્રકાશનું કિરણ અંધારામાં મૂકેલા કલિલમય દ્રાવણમાંથી પસાર કરવામાં આવે, તો તેનો માર્ગ પ્રજ્વલિત થાય છે. આ ઘટનાને ટિંડલ અસર કહે છે.'

સાચાં દ્રાવણો ટિંડલ અસર દર્શાવતાં નથી. કારણ કે તેમાં કણો ખૂબ જ નાના હોવાથી પ્રકાશનાં કિરણોનું પ્રકીર્ણન કરી શકતા નથી.

દા.ત., (1) બંધ ઓરડામાં ધૂળના રજકણો દ્વારા પ્રકાશનું પ્રકીર્ણન, (2) અંધારામાં રસ્તા પર વાહનોની લાઇટનું ધૂળના રજકણો દ્વારા પ્રકીર્ણન

**(3) યાંત્રિક ગુણધર્મો :**

**બ્રાઉનિયન ગતિ :** 'વનસ્પતિશાસ્ત્રી રોબર્ટ બ્રાઉને સૂચવ્યું કે જો પુષ્પની પરાગરજને પાણીમાં મૂકતાં તે સ્થિર રહેતી નથી. પણ અવિરતપણે અવ્યવસ્થિત રીતે ઘૂમ્યા જ કરે છે. આવી જ ઘટના પાછળથી કલિલમય કણો માટે નોંધવામાં આવી છે. જ્યારે કલિલમય કણોને અલ્ટ્રામાઇક્રોસ્કોપ જેવા સાધન વડે જોવામાં આવ્યા ત્યારે સતત વાંકીચૂંકી દિશામાં ગતિ કરતા માલૂમ પડ્યા છે. કલિલમય કણોની આવી ગતિને **બ્રાઉનિયન ગતિ** કહે છે.'

યાંત્રિક ગુણધર્મ પરથી બે અગત્યનાં પરિણામો મળ્યા છે :

(1) ગતિવાદના આધારે અભિધારણા કર્યા પ્રમાણે અણુઓ અવિરત ગતિમાં હોય છે. જેનું નિર્દેશન આ ગુણધર્મ દ્વારા થાય છે.

(2) બ્રાઉનિયન ગતિ કલિલ કણો પર લાગતા ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરે છે અને પરિણામે કલિલમય કણો તળિયે બેસી કલિલને અસ્થિર થવા દેતાં નથી. જેથી કલિલમય દ્રાવણ/સોલ સ્થાયીતા પ્રાપ્ત કરે છે.

**(4) વિદ્યુતીય ગુણધર્મ : વૈદ્યુતકણ સંચાલન (ઇલેક્ટ્રોફોરેસિસ) :** કલિલના ધન કે ઋણ વીજભારનું અસ્તિત્વ વૈદ્યુતકણ સંચાલન (ઇલેક્ટ્રોફોરેસિસ) સાધન વડે નક્કી કરી શકાય છે.

કલિલકણો વિદ્યુતીયભાર ધરાવતા હોવાથી ધન કે ઋણ વીજભારનું વહન કરે છે.

**ઋણ વીજભાર ધરાવતા કલિલ :** આર્સેનિયસ સલ્ફાઇડ, ગોલ્ડ, સિલ્વર અને પ્લેટિનમ

**ધન વીજભાર ધરાવતા કલિલ :** ફેરિકહાઇડ્રોક્સાઇડ $Fe(OH)_3$, એલ્યુમિનિયમ હાઇડ્રોક્સાઇડ $Al(OH)_3$, ઝિરકોનિયમ હાઇડ્રોક્સાઇડ.

કલલિ કણો તેમના પરના વીજભાર પ્રમાણે વિદ્યુતક્ષેત્રની અસર હેઠળ ધન કે ઋણ વિદ્યુતધ્રુવ તરફ આકર્ષાય છે.

● **કલિલોનું સ્કંદન (Cougulation of Colloids)**

'વિદ્યુતવિભાજ્યના ઉમેરણથી કલિલ કણોનું સમુચ્ચય બની જવું અને અદ્રાવ્ય અવક્ષેપરૂપે બનવું તેને સ્કંદન કહે છે.'

**ઊર્ણન (Flocculation) :** 'જો વિદ્યુતવિભાજ્યની સાંદ્રતા ઓછી હોય તો કણોનો સમુચ્ચય બને છે. પરંતુ અવક્ષેપન પામતા નથી અને તે પરિસ્થિતિમાંથી ફરી પાછા કલિલ સ્વરૂપમાં જઈ શકે છે. આ ઘટનાને **ઊર્ણન** કહે છે.'

● **વિદ્યુતવિભાજ્યનું અવક્ષેપન અથવા સ્કંદન મૂલ્ય**

'એક લિટર કલિલમય દ્રાવણ અથવા સોલનું સંપૂર્ણ સ્કંદન કરવા માટે જરૂરી વિદ્યુતવિભાજ્યનું અલ્પતમ પ્રમાણ (મિલિમોલમાં)ને વિદ્યુતવિભાજ્યનું અવક્ષેપન અથવા **સ્કંદન મૂલ્ય** કહે છે.'

● **હાર્ડી અને શુલ્ઝના નિયમો :**

(1) સોલના સ્કંદન માટે અસરકારક આયન એ છે કે કલિલમય કણોના વીજભાર કરતાં વિરુદ્ધ વીજભાર ધરાવતા હોય.

(2) વિદ્યુતવિભાજ્યની સ્કંદન શક્તિ, સ્કંદન કરતાં આયનોની સંયોજકતાના ચતુર્થઘાતમાં હોય છે.

ઋણભારિય સોલનું સ્કંદન ધનાયન કરી શકશે. તેના માટે તો જુદા-જુદા સ્કંદનકર્તા આયનોનો ક્રમ નીચે પ્રમાણે છે :

એક સંયોજક આયન (દા.ત., $Na^{+}$) < દ્વિ-સંયોજક આયન ($Ba^{2+}$) < ત્રિ-સંયોજક આયન ($Fe^{3+}$)

ધનભારિય સોલનું સ્કંદન ઋણાયન કરી શકશે. તેના માટેનો જુદા-જુદા સ્કંદનકર્તા આયનોનો ક્રમ નીચે પ્રમાણે છે :

ત્રિસંયોજક આયન ($PO_4^{3-}$) > દ્વિસંયોજક આયન ($SO_4^{2-}$) > એક સંયોજક આયન ($Cl^{-1}$)

---

**96.** જઠરમાં ચરબીના પાચન માટે નીચેનામાંથી કઈ પ્રક્રિયા ઉપયોગી છે ?

(A) ઈમલ્શીકરણ (B) પેપ્ટીકરણ (C) ઊર્ણન (D) બ્રાઉનિયન ગતિ

**97.** કોઈ યોગ્ય વિદ્યુતવિભાજ્યના ઉમેરણથી કલિલમય કણોનું સમુચ્ચય બની જવું અને અદ્રાવ્ય અવક્ષેપરૂપ બનવાની ઘટનાને શું કહે છે ?

(A) સ્કંદન (B) ઊર્ણન (C) ટિંડલ અસર (D) બ્રાઉનિયન ગતિ

**98.** પેપ્ટીકરણ પ્રક્રિયામાં...

(A) કલિલનું અવક્ષેપમાં રૂપાંતર થાય છે. (B) અવક્ષેપનું કલિલમાં રૂપાંતર થાય છે.

(C) આલંબિત કણોમાંથી સાચું દ્રાવણ બને છે. (D) અવક્ષેપ ઓગળીને સાચું દ્રાવણ બનાવે છે.

**99.** $Fe(OH)_3$ કલિલ દ્રાવણની અસરકારક સ્કંદન માટે નીચેનામાંથી કયો પદાર્થ સૌથી વધુ ઉપયોગી થશે ?

(A) $Na_3PO_4$ (B) $Na_2SO_4$ (C) KCl (D) $K_2CO_3$

**100.** કલિલમય દ્રાવણ કલિલ કણોનું સ્થાનાંતર નીચેનામાંથી કઈ ઘટના દ્વારા શક્ય બની શકે છે ?

(A) બ્રાઉનિયન ગતિ (B) વિદ્યુત ડાયાલિસિસ (C) ઈલેક્ટ્રોફોરેસિસ (D) ટિંડલ અસર

**101.** ગોલ્ડના કલિલ સોલ મેળવવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ યોગ્ય છે ?

(A) ઑક્સિડેશન (B) રિડક્શન (C) જળવિભાજન (D) દ્વિ-વિઘટન

**102.** બ્રેડિંગ ચાપ પદ્ધતિ કોનું કલિલીય દ્રાવણ બનાવવા માટે વાપરી શકાય નહિ ?

(A) ગોલ્ડ (B) સિલ્વર (C) આર્યન (D) પ્લેટિનમ

**103.** નીચેનામાંથી કયું એક કલિલ વિદ્યુતીય વિક્ષેપન તેમજ રિડક્શન પદ્ધતિ એમ બંને દ્વારા બનાવી શકાય છે ?

(A) સલ્ફર (B) ફેરીક હાઇડ્રોક્સાઇડ $Fe(OH)_3$

(C) સોનુ (D) આર્સેનિક્સલ્ફાઇડ ($As_2S_3$)

**104.** એક કલિલ દ્રાવણને વિદ્યુતક્ષેત્રમાં મૂકવામાં આવે છે, તો તેના કણો ઍનોડ (ઋણ ધ્રુવ) તરફ ખસે છે. આ દ્રાવણના સ્કંદનનો અભ્યાસ NaCl, $BaCl_2$ અને $AlCl_3$ના દ્રાવણનો ઉપયોગ કરીને કરી શકાતો હોય, તો તે દ્રાવણનો સ્કંદન શક્તિનો ક્રમ કયો હશે ?

(A) NaCl > $BaCl_2$ > $AlCl_3$ (B) $BaCl_2$ > $AlCl_3$ > NaCl

(C) $AlCl_3$ > $BaCl_2$ > NaCl (D) $BaCl_2$ > NaCl > $AlCl_3$

**105.** $Fe(OH)_3$ના કલિલ દ્રાવણ માટે નીચેનામાંથી કયા વિદ્યુત-વિભાજ્યનું સ્કંદન મૂલ્ય સૌથી વધુ હશે ?

(A) NaCl (B) $Na_2S$ (C) $(NH_4)_3PO_4$ (D) $K_2SO_4$

**106.** 200 મિલિ ધનવીજભારિત કલિલનું સ્કંદન તેના કદમાં વધુ વધારો કર્યા વગર 0.73 ગ્રામ HCl ઉમેરીને કરવામાં આવે છે, તો તે કલિલ માટે HClનું સ્કંદન મૂલ્ય કેટલું થશે.

(A) 0.365 (B) 36.5 (C) 100 (D) 150

**107.** $AlCl_3$ અને NaClનાં સ્કંદન મૂલ્યો અનુક્રમે 0.093 અને 52 છે, તો NaClની સરખામણીમાં $AlCl_3$ની સ્કંદન-ક્ષમતા કેટલી હશે ?

(A) $(52 \times 0.093)$ ગણી (B) $(52/0.093)$ ગણી (C) $(0.093/52)$ ગણી (D) $(52 - 0.093)$ ગણી

**108.** આકાશનો ભૂરો રંગ કોને આભારી છે ?

(A) વાતાવરણમાં રહેલા ધૂળના કણો વડે થતું પ્રકાશનું પ્રકીર્ણન (B) સૂર્યનાં કિરણોનું થતું પ્રકીર્ણન

(C) ઓઝોન સ્તર વડે થતું પ્રકાશનું પ્રકીર્ણન (D) આપેલા બધા જ

**109.** કલિલ દ્રાવણોની બનાવટ માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ ઉપયોગી નથી ?

(A) વિદ્યુતીય વિક્ષેપન (B) પેપ્ટીકરણ (C) સ્કંદન (D) યાંત્રિક વિક્ષેપન

**110.** 10 લિટર દ્રાવણનું બે કલાકમાં અવક્ષેપન (Precipitate) કરવા માટે સોડિયમ ક્લોરાઈડનું અલ્પતમ પ્રમાણ 0.585 ગ્રામ જરૂરી હોય, તો સોડિયમ ક્લોરાઇડનું સ્કંદન મૂલ્ય કેટલું હશે ?

(A) 0.585 (B) 0.0585 (C) 0.1 (D) 1.0

**111.** ટિંડલ અસર એ સૌથી વધુ અસર કરશે ?

(A) હાઇડ્રોફિલિક સોલ (B) હાઇડ્રોફોબિક સોલ (C) સ્ટાર્ચ દ્રાવણ (D) (B) અને (C) બંને

**112.** હાર્ડી-શુલ્ઝનો નિયમ પુરવાર કરે છે કે,

(A) વિરુદ્ધ વીજભાર ધરાવતાં દ્રાવણોમાં સ્કંદન કરતા આયોનોનો જેમ વીજભાર વધુ તેમ તેની સ્કંદન-ક્ષમતા વધુ.

(B) દ્રાવણનો સુવર્ણ-આંક શૂન્ય હોવો જોઈએ.

(C) વિક્ષેપન માધ્યમ અને વિક્ષેપિત કલા હંમેશાં સમાન વીજભાર ધરાવતા હોવા જોઈએ.

(D) પૃષ્ઠસક્રિય પદાર્થની હાજરીમાં જ મિસેલ સ્કંદન પામે છે.

**113.** જે જગ્યાએ નદીઓ દરિયાને મળે છે ત્યાં ડેલ્ટાના નિર્માણ માટે નીચેનામાંથી કઈ પ્રક્રિયા જવાબદાર છે ?

(A) ઈમલ્શીફિકેશન (B) કલિલની બનાવટ (C) સ્કંદન (D) પેપ્ટીકરણ

**114.** લોહીને વહેતું (Bleeding) અટકાવવા માટે ફેરિક ક્લોરાઈડ ($FeCl_3$) વપરાય છે, કારણ કે,

(A) ઋણ વીજભારિત લોહીના દ્રાવણનું $Fe^{3+}$ આયનો સ્કંદન કરે છે.

(B) ધન વીજભારિત લોહીના દ્રાવણનું $Fe^{3+}$ આયનો સ્કંદન કરે છે.

(C) ધન વીજભારિત લોહીના દ્રાવણનું $Cl^-$ આયનો સ્કંદન કરે છે.

(D) ઋણ વીજભારિત લોહીના દ્રાવણનું $Cl^-$ આયનો સ્કંદન કરે છે.

**115.** નીચેનામાંથી કોણ ટિંડલ અસર દર્શાવશે ?

(A) નીચી ક્રાંતિક મિસેલ સાંદ્રતાએ સાબુનું દ્રાવણ (B) ઊંચી ક્રાંતિક મિસેલ સાંદ્રતાએ સાબુનું દ્રાવણ

(C) સોડિયમ ક્લોરાઇડ (NaCl)નું જલીય દ્રાવણ (D) ખાંડ ($C_{12}H_{22}O_{11}$)નું જલીય દ્રાવણ

**116.** $\frac{AgI}{Ag^+}$ના દ્રાવણ માટે નીચેનામાંથી કયા વિદ્યુતવિભાજ્યનું સ્કંદન મૂલ્ય મહત્તમ હશે ?

(A) $Na_2S$ (B) $Na_3PO_4$ (C) $Na_2SO_4$ (D) NaCl

**117.** સિલ્વર નાઈટ્રેટના દ્રાવણમાં KI ઉમેરવાથી બનતા દ્રાવણને કઈ રીતે લખી શકાશે ?

(A) $AgI\ I^-$ (B) $AgI\ Ag^+$ (C) $AgI\ NO_3^-$ (D) $NO_3^-\ AgI\ Ag^+$

**118.** એક કલિલમય પ્રણાલીના કણો વિદ્યુતક્ષેત્રની હાજરીમાં કૅથોડ (ધનધ્રુવ) તરફ આકર્ષાય છે. જો આ જ દ્રાવણના સ્કંદનનો અભ્યાસ $K_2SO_4$ (I), $Na_3PO_4$ (II), $K_4[Fe(CN)_6]$ (III) અને NaCl (IV) વાપરીને કરવામાં આવે, તો તેમની સ્કંદન ક્ષમતાનો ક્રમ કયો યોગ્ય છે ?

(A) (I) > (II) > (III) > (IV)
(B) (III) > (II) > (I) > (IV)
(C) (III) > (I) > (II) > (IV)
(D) (IV) > (III) > (I) > (II)

**119.** નીચેનામાંથી કોનો સ્કંદનમાં સમાવેશ થતો નથી ?

(A) ફેરિક ક્લોરાઈડના ઉપયોગ દ્વારા લોહી વહેતું અટકાવવાની ક્રિયા
(B) ડેલ્ટા પ્રદેશનું નિર્માણ
(C) પોટાશ એલમ (ફટકડી) વડે પીવાના પાણીનું શુદ્ધીકરણ
(D) પેપ્ટીકરણ

જવાબો : **96.** (B), **97.** (A), **98.** (B), **99.** (A), **100.** (C), **101.** (B), **102.** (C), **103.** (C), **104.** (C), **105.** (A), **106.** (C), **107.** (B), **108.** (A), **109.** (C), **110.** (D), **111.** (B), **112.** (A), **113.** (C), **114.** (A), **115.** (B), **116.** (B), **117.** (B), **118.** (B), **119.** (D)

● **રક્ષિક કલિલ અને સુવર્ણ આંક**

**રક્ષિત કલિલ (Protecting Colloid) :** લાયોફોબિક કલિલ-ગોલ્ડ અને સિલ્વર જેવી ધાતુઓમાં થોડા પ્રમાણમાં લાયોફિલિક કલિલ જેવા કે જિલેટિન અને આલ્બ્યુમિન ઉમેરવાથી તેમને સરળતાથી બનાવી શકાય છે.

જ્યારે લાયોફોબિક કલિલમાં લાયોફિલિક કલિલ ઉમેરવાથી તેના કણો લાયોફોબિક કલિલ કણો ઉપર સ્તર બનાવીને તેમનું વિદ્યુતવિભાજ્યથી રક્ષણ કરે છે.

'લાયોફોબિક કલિલમાં પહેલેથી જ લાયોફિલિક કલિલ ઉમેરીને તેનું અવક્ષેપન થતું અટકાવવાની ક્રિયાને રક્ષણ (પ્રોટેકશન) કહે છે.'

'કલિલમય સોલનું સ્કંદન થતું અટકાવવા માટે ઉમેરવામાં આવતા અન્ય કલિલને **રક્ષિત કલિલ** (Protecting Colluid) કહે છે.'

**સુવર્ણ-આંક :** ''જુદા-જુદા રક્ષક (લાયોફિલિક) કલિલની રક્ષિત ક્ષમતાને **સુવર્ણ-આંક** વડે દર્શાવાય છે.'' જેમકે, સોનાના 10 મિલિ સોલમાં જ્યારે 10 ટકા NaClનું દ્રાવણ ઉમેરવામાં આવે છે, ત્યારે થતા સ્કંદનને અટકાવવા માટે જરૂરી રક્ષક કલિલના જથ્થાને તેનો સુવર્ણ-આંક કહે છે.

જુદા-જુદા રક્ષક કલિલના સુવર્ણ-આંક નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે :

| કલિલ સોલ | સુવર્ણ-આંક |
|---|---|
| જિલેટિન | 0.0050 – 0.01 |
| કેસિન | 0.01 – 0.02 |
| હિમોગ્લોબીન | 0.03 – 0.07 |
| એગ-આલ્બ્યુમિન | 0.1 – 0.2 |
| અરેબિક ગુંદર | 0.15 – 0.25 |
| સ્ટાર્ચ | 20 – 25 |
| ડેક્ષટ્રિન | 6 – 20 |

**જેમ સુવર્ણ અંક નાનો તેમ તે રક્ષિત કલિલની રક્ષિત-ક્ષમતા ઊંચી (વધુ) હોય છે.**
**આથી, સુવર્ણ અંક એ રક્ષણ-ક્ષમતાના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.**

**120.** સુવર્ણ અંક એટલે....

(A) ફેરિક હાઇડ્રોક્સાઇડના 10 મિલિ સોલમાં જ્યારે 10 % NaClનું દ્રાવણ ઉમેરવામાં આવે છે ત્યારે થતા સ્કંદનને અટકાવવા માટે જરૂરી કલિલના જથ્થાને તેનો સુવર્ણ-આંક કહે છે.

(B) સોનાના 10 મિલિ સોલમાં જ્યારે 10% NaClનું દ્રાવણ ઉમેરવામાં આવે છે, ત્યારે થતા સ્કંદનને અટકાવવા માટે જરૂરી રક્ષક કલિલના જથ્થાને તેનો સુવર્ણ-આંક કહે છે.

(C) લાયોફિલિક કલિલમાં તેનું સ્કંદન કરવા માટે ઉમેરવા પડતા સોનાના મિલિગ્રામ જથ્થાને સુવર્ણ-આંક કહે છે.

(D) વિદ્યુતવિભાજ્યનું સ્કંદન કરવા માટે ઉમેરવા પડતા કલિલને સુવર્ણ-આંક કહે છે.

**121.** રક્ષક કલિલ A, B, C અને Dના સુવર્ણ-આંક અનુક્રમે 0.50, 0.01, 0.10 અને 0.005 છે, તો તેમની રક્ષક-ક્ષમતાનો સાચો ક્રમ જણાવો.

(A) C < B < D < A (B) A < C < B < D (C) B < D < A < C (D) D < A < C < B

**122.** સોનાના 100 મિલિ કલિલમય દ્રાવણમાં 1 મિલિ 10 % NaCl દ્રાવણ ઉમેરતાં પહેલાં 0.25 ગ્રામ સ્ટાર્ચ ઉમેરવાથી તેનું સ્કંદનથી રક્ષણ થાય છે, તો સ્ટાર્ચનો સુવર્ણ-આંક કેટલો થશે ?

(A) 25 (B) 250 (C) 2.5 (D) 0.25

**123.** કેટલાંક કલિલમય દ્રાવણોના સુવર્ણ-આંક નીચે દર્શાવેલ છે :

| કલિલ દ્રાવણ | સુવર્ણ-આંક |
|---|---|
| A | 0.01 |
| B | 2.5 |
| C | 20 |

તો તે કલિલમય દ્રાવણોના રક્ષક સ્વભાવનો સાચો ક્રમ જણાવો.

(A) C > B > A (B) A > B > C (C) A = B = C (D) B > A > C

**124.** સુવર્ણ-આંક કોની સાથે સંબંધિત છે ?

(A) કલિલ (B) રેડિયો ઍક્ટિવિટી (C) વાયુ સમીકરણ (D) ગતિજ ઊર્જા

**125.** સુવર્ણ-આંક માપી શકાય છે...

(A) લાયોફોબિક કલિલ ઉપર લાયોફિલિક કલિલની રક્ષણક્રિયા

(B) લાયોફિલિક કલિલ ઉપર લાયોફોબિક કલિલની રક્ષણક્રિયા

(C) પ્રમાણિત લાલ સોનાના સોલમાં સોનાના મિલિગ્રામની સંખ્યા

(D) સોનાના કલિલ સોલની સ્થાયિતા

**126.** જિલેટિન, હિમોગ્લોબીન અને સોડિયમ એસિટેટના સુવર્ણ-આંક અનુક્રમે 0.005, 0.05 અને 0.7 છે, તો તેમની રક્ષણ ક્ષમતાનો ક્રમ કયો યોગ્ય હશે.

(A) જિલેટિન < હિમોગ્લોબીન < સોડિયમ એસિટેટ (B) જિલેટિન > હિમોગ્લોબીન > સોડિયમ એસિટેટ

(C) હિમોગ્લોબીન > જિલેટિન > સોડિયમ એસિટેટ (D) સોડિયમ એસિટેટ > જિલેટિન > હિમોગ્લોબીન

**127.** 10 મિલિ સોનાના કલિલ સોલનું સંપૂર્ણ સ્કંદન 0.25 ગ્રામ સ્ટાર્ચ ઉમેરવાથી થાય છે, તો સ્ટાર્ચનો સુવર્ણ અંક કેટલો થશે ?

(A) 0.025 (B) 0.25 (C) 2.55 (D) 250

**128.** A, B, C અને Dના સુવર્ણ-આંક અનુક્રમે 0.04, 0.002, 10 અને 25 છે, તો A, B, C અને Dનો રક્ષક ક્ષમતાનો ક્રમ કયો થશે ?

(A) A > B > C > D (B) B > A > C > D (C) D > C > B > A (D) C > A > B > D

**129.** સુવર્ણ-આંક કોની સાથે સંયોજિત છે ?

(A) માત્ર લાયોફોબિક કલિલ (B) માત્ર લાયોફિલિક કલિલ

(C) લાયોફિલિક અને લાયોફોબિક કલિલ બંને (D) એક પણ નહિ.

**130.** નીચેનામાંથી સારામાં સારો રક્ષિત કલિલ કયો છે ?

(A) જિલેટિન (સુવર્ણ-આંક = 0.005)
(B) અરેબિક ગમ (સુવર્ણ-આંક = 0.15)
(C) એગ આલ્બ્યુમિન (સુવર્ણ-આંક = 0.008)
(D) એક પણ નહિ.

**131.** નીચેનામાંથી કોનો સુવર્ણ અંક સૌથી ઓછો (least) છે ?

(A) જિલેટિન
(B) સ્ટાર્ચ
(C) આલ્બ્યુમિન
(D) લોહી (Blood)

**જવાબો : 120.** (B), **121.** (B), **122.** (A), **123.** (B), **124.** (A), **125.** (A), **126.** (B), **127.** (D), **128.** (B), **129.** (B), **130.** (A), **131.** (A)

● **ઈમલ્શન અને તેની લાક્ષણિકતાઓ**

**પાયસ/ઈમલ્શન :** ઈમલ્શન કલિલો જ છે, પરંતુ તેમાં વિક્ષેપન માધ્યમ અને વિક્ષેપિત કલા બંને પ્રવાહી સ્વરૂપે હોય છે.

ઈમલ્શનના મુખ્ય બે પ્રકારો નીચે મુજબ છે :

**(1) પાણીમાં તેલ (તેલ/પાણી) ઈમલ્શન :** આ પ્રકારના ઈમલ્શનમાં તેલ (કાર્બનિક દ્રાવક) વિક્ષેપિત કલા તરીકે વર્તે છે અને પાણી વિક્ષેપન માધ્યમ તરીકે વર્તે છે. દા.ત., દૂધ, વર્નિશિંગ ક્રીમ

**(2) તેલમાં પાણી (પાણી/તેલ/ઈમલ્શન) :** આ પ્રકારના ઈમલ્શનમાં પાણી વિક્ષેપિત કલા અને તેલ (કાર્બનિક દ્રાવક) વિક્ષેપન માધ્યમ તરીકે વર્તે છે. દા.ત., કૉલ્ડ ક્રીમ, માખણ, કોડલિવર ઓઈલ

● **ઈમલ્શનની પરખ**

**(1) રંજક કસોટી :** કેટલાક તેલમાં દ્રાવ્ય રંજકને ઈમલ્શનમાં ઉમેરવામાં આવતાં, જો પૃષ્ઠભૂમિ (Background) રંગીન બને, તો ઈમલ્શન તેલમાં પાણી છે અને જો રંગીન બિંદુઓ અથવા કણીઓ (Doplets) મળે, તો ઈમલ્શન પાણીમાં તેલ છે તેમ કહેવાય.

**(2) મંદન કસોટી :** જો ઈમલ્શનનું પાણી વડે મંદન થઈ શકતું હોય તો કહી શકાય કે વિક્ષેપન માધ્યમ પાણી છે અને તેથી ઈમલ્શન પાણીમાં તેલ પ્રકારનું છે અને જો ઉમેરેલું પાણી અલગ સ્તર બનાવે તો ઈમલ્શન તેલમાં પાણી પ્રકારનું છે એમ કહી શકાય.

**ઈમલ્શીકરણ :** ઈમલ્શન બનાવવાની પદ્ધતિને ઈમલ્શીકરણ કહે છે.

**ઈમલ્શીફાયર :** ઈમલ્શનનું સ્થાયીકરણ કરવા ત્રીજો કોઈ પદાર્થ અલ્પ પ્રમાણમાં ઉમેરવામાં આવે છે, જેને ઈમલ્શનકારક અથવા ઈમલ્શીફાયર કહેવાય છે.

દા.ત., સાબુ, ડિટરજન્ટ, પ્રોટીન, ગુંદર, અગર વગેરે.

દ્રાવ્ય સાબુ (આલ્કલી ધાતુ પરમાણુ ધરાવતા સાબુ) જેવા ઈમલ્શીફાયરની હાજરીમાં પાણીમાં તેલ પ્રકારના ઈમલ્શનની તરફેણ થાય છે.

અદ્રાવ્ય સાબુ (બિનઆલ્કલી ધાતુ પરમાણુ ધરાવતા સાબુ) જેવા ઈમલ્શીફાયરની હાજરીમાં તેલમાં પાણી પ્રકારના ઈમલ્શનની તરફેણ થાય છે.

**વિપાયસીકરણ-ડિમલ્શીફિકેશન :** ઈમલ્શનનું તેના બે ઘટકનું પ્રવાહીમાં અલગીકરણ થવું તેને વિપાયસીકરણ-ડિમલ્શીફિકેશન કહે છે. દા.ત., ઠારણ, ઉત્કલન, સેન્ટ્રિફ્યુગેશન અને ઈલેક્ટ્રોસ્ટેટિક અવક્ષેપન.

**કલિલના ઉપયોગો :** કલિલ અને ઈમલ્શન અપણા રોજિંદા જીવનમાં અને ઉદ્યોગોમાં ઘણા ઉપયોગો ધરાવે છે, જે નીચે મુજબ છે :

(1) રબર પ્લેટિંગ (2) સુએજ નિકાલ (3) કોટ્રેલ ધુમાડા અવક્ષેપક (4) નેનો પદાર્થોની બનાવટમાં (5) દવાઓમાં (6) જીવાણુનાશક તરીકે (7) ધાતુકર્મ કાર્યમાં અને (8) રસ્તાના બાંધકામમાં.

**132.** વેનિશિંગ ક્રીમ કયા પ્રકારનું ઈમલ્શન છે.

(A) તેલ/પાણી
(B) પાણી/પાણી
(C) તેલ/પાણી
(D) પાણી/તેલ

**133.** નીચેનામાંથી ઈમલ્શનફાયર પદાર્થ કયો છે ?

(A) દૂધ
(B) અગર
(C) માખણ
(D) કોડલિવર ઑઈલ

**134.** ઈમલ્શનફાયર એ એવો પદાર્થ છે કે જે...

(A) ઈમલ્શનને સ્થાયી બનાવે છે.
(B) ઈમલ્શનને સમાંગ બનાવે છે.
(C) ઈમલ્શનનું સમુચ્ચય પ્રેરે છે.
(D) પ્રવાહીમાં પ્રવાહીના વિક્ષેપનને પ્રેરે છે.

**135.** માખણ કેવા પ્રકારનું કલિલ છે.

(A) પ્રવાહીમાં ઘન (B) ઘનમાં પ્રવાહી (C) પ્રવાહીમાં પ્રવાહી (D) પ્રવાહીમાં વાયુ

**136.** ગાયનું દૂધ અને કુદરતી ઈમલ્શનનું ઉદાહરણ છે કે જેનું સ્થાયીકરણ શેના વડે થયેલું હોય છે ?

(A) ચરબી (B) પાણી (C) કેસિન (D) $Mg^{++}$ આયન

**137.** પાણી/તેલ ઈમલ્શન બનાવવા માટે નીચેનામાંથી કયો ઈમલ્શીફાયર એજન્ટ ઉપયોગી છે ?

(A) પ્રોટીન (B) ગુંદર (C) અદ્રાવ્ય સાબુ (D) દ્રાવ્ય સાબુ

**138.** દૂધને લાંબો સમય સાચવવા માટે તેમાં કયા પદાર્થના થોડાં ટીપાં ઉમેરવામાં આવે છે.

(A) ફોર્મિક ઍસિડ દ્રાવણ (B) ફોર્માલ્ડિહાઇડ દ્રાવણ (C) એસિટીક ઍસિડ દ્રાવણ (D) એસિટાલ્ડિહાઇડ દ્રાવણ

**139.** આઈસ્ક્રીમમાં જિલેટીન ઉમેરવામાં આવે, તો તેનું અવક્ષેપન થાય છે, તો તેનો રોલ કયો હશે ?

(A) સ્કંદનકર્તા એજન્ટ (B) અવક્ષેપીકરણ એજન્ટ (C) ઈમલ્શીફાયર એજન્ટ (D) ઊર્ણનીકરણ એજન્ટ

**140.** ઈમલ્શનનું વિભાજન (તોડી શકાય) કરી શકાય છે .......... અને .......... વડે.

(I) ગરમ કરવાથી
(II) વધારે પ્રમાણમાં વિક્ષેપન માધ્યમ ઉમેરવાથી
(III) ઠારવાથી
(IV) ઈમલ્શીફાયર ઉમેરવાથી

સાચો જવાબ કયો હશે ?

(A) (I) અને (II) (B) (II) અને (III) (C) (II) અને (IV) (D) (I), (II) અને (III)

**141.** હેરક્રીમ એ શેનું ઉદાહરણ છે.

(A) જૅલ (B) ફોમ (C) એરોસોલ (D) ઈમલ્શન

**142.** નીચેનામાંથી કઈ જોડ યોગ્ય છે :

(A) ઈમલ્શન-ધુમાડો (B) જૅલ-માખણ (C) એરોસોલ-હેરક્રીમ (D) ફોમ-ધુમ્મસ

**143.** સામાન્ય રીતે ઈમલ્શીફાયર તરીકે...

(A) સાબુ (B) કૃત્રિમ ડિટરજન્ટ (C) લાયોફિલિક સોલ (D) આપેલા બધા જ

**144.** નીચેના પૈકી કયું તેલ/પાણી ઈમલ્શન છે.

(A) દૂધ (B) વેનેસિંગ ક્રીમ (C) માખણ (D) કોડલિવર તેલ

**145.** નીચેનામાંથી કયું ઈમલ્શન નથી ?

(A) માખણ (B) આઈસક્રીમ (C) દૂધ (D) વાદળ

**146.** વિપેઇડ ક્રીમ એ શેનું ઉદાહરણ છે ?

| | વિક્ષેપન માધ્યમ | વિક્ષેપિત કલા |
|---|---|---|
| (A) | વાયુ | પ્રવાહી |
| (B) | પ્રવાહી | વાયુ |
| (C) | પ્રવાહી | પ્રવાહી |
| (D) | પ્રવાહી | ઘન |

**147.** નીચેનામાંથી કલિલનો ઉપયોગ કયો છે ?

(A) નેનો પદાર્થની બનાવટમાં
(B) રબર પ્લેટિંગમાં
(C) સુએજ નિકાલમાં
(D) આપેલા બધા જ

**148.** ન્હાવાના સાબુમાં વિક્ષેપિત કલા અને વિક્ષેપન માધ્યમ અનુક્રમે કયા છે ?

(A) વાયુ અને પ્રવાહી (B) પ્રવાહી અને વાયુ (C) વાયુ અને ઘન (D) ઘન અને પ્રવાહી

જવાબો : **132.** (C), **133.** (B), **134.** (A), **135.** (C), **136.** (B), **137.** (C), **138.** (B), **139.** (C), **140.** (C), **141.** (D), **142.** (B), **143.** (D), **144.** (A), **145.** (D), **146.** (B), **147.** (D), **148.** (A)

- **નીચેના દરેક પ્રશ્નોમાં બે વિધાનો આપેલાં છે. તેમાં એક વિધાન (A) અને બીજું કારણ (R) છે. વિધાનનો કાળજીપૂર્વક અભ્યાસ કરી નીચે આપેલી સૂચના મુજબ યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(A) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે તથા કારણ (R) એ વિધાન (A)ની સમજૂતી છે.

(B) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે પરંતુ કારણ (R) એ વિધાન (A)ની સમજૂતી છે.

(C) વિધાન (A) એ સાચું છે, પરંતુ કારણ (R) એ ખોટું છે.

(D) વિધાન (A) એ ખોટું છે, જ્યારે કારણ (R) એ સાચું છે.

**149. વિધાન (A) :** ફ્રુન્ડલિચ અધિશોષણ સમતાપી અનુસાર, $\frac{x}{m} = K \cdot P^{\frac{1}{n}}$

**કારણ (R) :** સમતાપી દર્શાવે છે કે અધિશોષક દ્વારા વાયુના અધિશોષણની માત્રા તાપમાન પર આધારિત છે.

**150. વિધાન (A) :** $Na^+$ કરતાં $Al^{3+}$ની સ્કંદન-ક્ષમતા વધુ હોય છે.

**કારણ (R) :** જેમ આયનની સંયોજકતા વધુ, તેમ તેની અવક્ષેપન-ક્ષમતા વધુ હોય છે. (હાર્ડી-શુલ્ઝનો નિયમ)

**151. વિધાન (A) :** પેટ્રોરસાયણ ઉદ્યોગોમાં ZSM–S એ ઉદ્દીપક તરીકે ઉપયોગી છે.

**કારણ (R) :** ઝિઓલાઇટ એ ત્રિપરિમાણ્વિય સિલિકેટ છે કે જેમાં કેટલાક સિલિકોન પરમાણુઓનું વિસ્થાપન ઍલ્યુમિનિયમ પરમાણુઓ વડે થયેલું હોય છે.

**152. વિધાન (A) :** સ્થાયી ઈમલ્શન બનાવવા માટે સાબુનું અલ્પ પ્રમાણ જરૂરી છે.

**કારણ (R) :** સાબુ એ તેલ અને પાણી વચ્ચેના ઈન્ટરફેસિયલ ટેન્શન (Interfacial Tension)માં ઘટાડો કરે છે.

**153. વિધાન (A) :** સોડિયમ સ્ટિયરેટ દ્વારા પાણીમાં બનાવાતી મિસેલમાં –COO– સમૂહ સપાટી પર હોય છે.

**કારણ (R) :** પાણીમાં સ્ટિયરેટ ઉમેરવાથી તેના પૃષ્ઠતાણમાં ઘટાડો થાય છે.

**154. વિધાન (A) :** તાજા અવક્ષેપનું કલિલમય અવસ્થામાં રૂપાંતરણ એટલે પેપ્ટીકરણ.

**કારણ (R) :** સમાન આયોનોના ભેગા થવાથી તે શક્ય બને છે.

**155. વિધાન (A) :** જલીય કલિલમય સોનાનું દ્રાવણ લાલ રંગનું હોય છે.

**કારણ (R) :** સોનાના કણો પર લાઇટ સ્કેટરિંગથી રંગ ઉદ્ભવે છે.

**156. વિધાન (A) :** $As_2S_3$ (આસેનિક સલ્ફાઇડ) સોલના સ્કંદન માટે $Fe^{3+}$ આયનો ઉપયોગી છે.

**કારણ (R) :** $Fe^{3+}$ એ $As_2S_3$ સાથેની પ્રક્રિયા દ્વારા $Fe_2S_3$ આપે છે.

**157. વિધાન (A) :** લાયોફિલિક કલિલ એ પરિવર્તનીય સોલ છે.

**કારણ (R) :** લાયોફિલિક સોલ એ પ્રવાહીસ્નેહી છે.

**158. વિધાન (A) :** કલિલ કણો બ્રાઉનિયન ગતિ દર્શાવે છે.

**કારણ (R) :** કલિલ કણોની વિક્ષેપન માધ્યમના કણો સાથેની અથડામણને લીધે બ્રાઉનિયન ગતિ ઉદ્ભવે છે.

**159. વિધાન (A) :** સક્રિયકૃત ચારકોલ પર $CO_2$ની સરખામણીમાં $NH_3$નું અધિશોષણ વધુ થશે.

**કારણ (R) :** $NH_3$ એ અધ્રુવિય છે.

**160. વિધાન (A) :** અણુઓનું ભૌતિક અધિશોષણ માત્ર સપાટી પર જ શક્ય નથી.

**કારણ (R) :** આ પ્રક્રિયામાં અધિશોષિત અણુઓના બંધ તૂટે છે.

**161. વિધાન (A) :** દરેક પ્રક્રિયા માટે વિશિષ્ટ ઉત્સેચક હોવાથી અન્ય ઉત્સેચકનો ઉપયોગ નિરર્થક છે.

**કારણ (R) :** ઉત્સેચક ઉદ્દીપન પ્રક્રિયાઓમાં સામાન્ય રીતે 5 થી 7 pH ગાળાની વચ્ચે પ્રક્રિયાવેગ વધારે હોય છે.

**162. વિધાન (A) :** કલિલ દ્રાવણ $As_2S_3$નું સ્કંદન 0.1M NaClની સરખામણીમાં $BaCl_2$ વડે ઝડપથી થશે.

**કારણ (R) :** $BaCl_2$ એ NaCl કરતાં બમણા $Cl^-$ આયનો આપે છે.

**163. વિધાન (A) :** સોડિયમ સ્ટિયરેટ દ્વારા પાણીમાં મિસેલ (Micelles)ની બનાવટ તેની સપાટી પર હાજર $COO^-$ સમૂહને શક્ય બને છે.

**કારણ (R) :** સોડિયમ સ્ટિયરેટ ઉમેરવાથી પાણીનું પૃષ્ઠતાણ (Surfce Tension) ઘટે છે.

**164. વિધાન (A) :** ધનવિજભારીત કલિલ સોલના સ્કંદન માટે $PO_4^{3-}$ આયનોએ $SO_4^{2-}$ અને $Cl^-$ આયનો કરતાં વધુ અસરકારક હોય છે.

**કારણ (R) :** તે હાર્ડી અને શુલ્ઝના નિયમોનું પાલન કરે છે.

**165. વિધાન (A) :** તાપમાન વધતાં પ્રવાહીની સ્નિગ્ધતા (Viscosity) ઘટે છે.

**કારણ (R) :** તાપમાન વધતાં પ્રવાહીનું બાષ્પીભવન (Evaporation) વધે છે.

જવાબો : **149.** (C), **150.** (A), **151.** (B), **152.** (A), **153.** (A), **154.** (B), **155.** (A), **156.** (B), **157.** (B), **158.** (A), **159.** (C), **160.** (C), **161.** (C), **162.** (B), **163.** (A), **164.** (A), **165.** (B)

**● મેચિંગ (કોલમ) પ્રકારનાં પ્રશ્નો :**

**166.** કોલમ-Iને કોલમ-II સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (1) ધુમાડો | (p) ફોમ |
| (2) માખણ | (q) ઇમલ્શન |
| (3) હેર ક્રીમ | (r) એરોસોલ |
| (4) વિપેડ (Whipped) ક્રીમ | (s) જેલ |

(A) (1)-(r), (2)-(s), (3)-(q), (4)-(p)
(B) (1)-(r), (2)-(q), (3)-(s), (4)-(p)
(C) (1)-(p), (2)-(s), (3)-(q), (4)-(r)
(D) (1)-(s), (2)-(p), (3)-(r), (4)-(q)

**167.** કોલમ-Iને કોલમ-II સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (a) ઇંડાની સફેદીને પાણી સાથે હલાવતાં | (p) બહુઆણ્વિય કલિલ |
| (b) પારાની બાષ્પને ઠંડા પાણીમાંથી પસાર કરતાં | (q) વિરાટ આણ્વિય કલિલ |
| (c) સેલ્યુલોઝ નાઇટ્રેટને પાણી સાથે હલાવતાં | (r) સમુચ્ચયિત કલિલ (મિસેલ) |
| (d) ડિટરજન્ટને પાણીમાં ઓગાળતાં | (s) કોલોઇડીન (Collodin) |

(A) (a)-(p), (b)-(q), (c)-(r), (d)-(s)
(B) (a)-(r), (b)-(p), (c)-(s), (d)-(q)
(C) (a)-(s), (b)-(p), (c)-(r), (d)-(q)
(D) (a)-(q), (b)-(p), (c)-(s), (d)-(r)

**168.** નીચેના પ્રક્રિયકો અને નીપજો માટે યોગ્ય ઉદ્દિપક પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (1) મિથેનોલ + CO $\rightarrow$ એસિટીક એસિડ | (a) $[Rh(CO)_2I_2]$ |
| (2) પ્રોપિલીન + $NH_3$ + $O_2$ $\rightarrow$ એક્રિલોનાઇટ્રાઇલ | (b) બિસ્મથમોલિબ્લેડમ |
| (3) ઈથીલીન $\rightarrow$ ઉચ્ચ ઘનતાવાળું પોલી ઈથિલીન | (c) ઓર્ગેનોક્રોમિયમ અને ટિટેનિયમ |
| (4) લેડ ચેમ્બર વિધિથી સલ્ફ્યુરીક એસિડની બનાવટ | (d) નાઇટ્રોજન ઓક્સાઇડ વાયુ |

(A) (1)-(a), (2)-(b), (3)-(c), (4)-(d)
(B) (1)-(d), (2)-(c), (3)-(b), (4)-(a)
(C) (1)-(c), (2)-(d), (3)-(a), (4)-(b)
(D) (1)-(d), (2)-(a), (3)-(b), (4)-(c)

**169.** નીચેના પ્રશ્નમાં કોલમ-Iને કોલમ-II સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (1) વાસણોના હેન્ડલ અને બીજી અન્ય વસ્તુઓ પર કલિલોનું નિક્ષેપન (deposit) | (p) કોટ્રેલ ધુમાડા અવક્ષેપક |
| (2) કાર્બનના ઋણ વીજભારવાળા કલિલ કણોનું હવામાં વિક્ષેપન | (q) રબર પ્લેટિંગ |
| (3) પરિવર્તનીય મિસેલનો ઉદ્દીપક તરીકે ઉપયોગ | (r) સુએજ નિકાલ |
| (4) મેલના વીજભારીત કલિલ કણોને વિદ્યુતધ્રુવોનો ઉપયોગ કરી દૂર કરવા | (s) નેનો પદાર્થની બનાવટ |

(A) (1)-(p), (2)-(q), (3)-(r), (4)-(s)
(B) (1)-(q), (2)-(p), (3)-(s), (4)-(r)
(C) (1)-(s), (2)-(r), (3)-(q), (4)-(p)
(D) (1)-(r), (2)-(s), (3)-(p), (4)-(q)

**170.** કોલમ-Iને કોલમ-II સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (1) નિષ્ક્રીય વાયુઓના અલગીકરણ માટેની દીવાર પદ્ધતિ | (a) સક્રિયકૃત ચારકોલ |
| (2) ઈલેક્ટ્રોનિક સાધનો અને ભેજવાળી સપાટી પરથી ભેજ શોષી લેવા માટે | (b) સિલિકા જેલ |
| (3) સલ્ફાઇડ ખનિજના સંકેન્દ્રીકરણ માટે | (c) ટર્પેન્ટાઇન અથવા પાઇન ઓઇલ |
| (4) હેલાઇડના સિલ્વર નાઇટ્રેટ ($AgNO_3$) સાથેના અનુમાપનમાં | (d) ફ્લોરેસીન (અધિશોષણ સૂચક) |

(A) (1)-(c), (2)-(d), (3)-(b), (4)-(a)
(B) (1)-(d), (2)-(a), (3)-(c), (4)-(b)
(C) (1)-(a), (2)-(b), (3)-(c), (4)-(d)
(D) (1)-(b), (2)-(c), (3)-(d), (4)-(a)

**171.** નીચેની રાસાયણિક પ્રક્રિયાઓ માટે યોગ્ય ઉદ્દીપકની પસંદગી માટે કોલમ-Iને કોલમ-II સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (1) $4NH_{3(g)} + 5O_{2(g)} \rightarrow 4NO_{(g)} + 6H_2O_{(g)}$<br>$2NO_{(g)} + O_{2(g)} \rightarrow 2NO_{2(g)}$<br>$4NO_{2(g)} + 2H_2O_{(l)} + O_{2(g)} \rightarrow 4HNO_{3(aq)}$ | (a) પ્લેટિનાઇઝ્ડ એસ્બેસ્ટોસ |
| (2) $2SO_{2(g)} + O_{2(g)} \rightarrow 2SO_{3(g)}$<br>$SO_{3(g)} + H_2SO_{4(g)} \rightarrow H_2S_2O_{7(l)}$<br>$H_2S_2O_{7(l)} + H_2O_{(l)} \rightarrow 2H_2SO_{4(aq)}$ | (b) વેનેડિયમ પેન્ટોક્સાઇડ ($V_2O_5$) |
| (3) $CO_{(g)} + 2H_{2(g)} \rightarrow CH_3OH_{(l)}$ | (c) $[Cu / ZnO - Cr_2O_3]$ |
| (4) $2HI_{(s)} \rightarrow H_{2(g)} + I_{2(g)}$ | (d) $Au_{(s)}$ (ઘન ગોલ્ડ) |

(A) (1)-(a), (2)-(b), (3)-(c), (4)-(d)
(B) (1)-(b), (2)-(c), (3)-(d), (4)-(a)
(C) (1)-(c), (2)-(d), (3)-(a), (4)-(b)
(D) (1)-(d), (2)-(a), (3)-(b), (4)-(c)

**જવાબો : 166.** (A), **167.** (D), **168.** (A), **169.** (B), **170.** (ક), **171.** (A)

● **ફકરા પ્રકારનાં પ્રશ્નો :**

**ફકરો : 1**

સમાન તાપમાને જુદા જુદા વાયુઓનું એક જ અધિશોષક (Adsorbent) પર અધિશોષણ જુદું થાય છે. તેમજ અધિશોષણ પર અસર કરતા બીજા કેટલાક પરીબળો જેવા કે અધિશોષિત વાયુનો સ્વભાવ અને અધિશોષકનો સ્વભાવ કે જે વાયુના ક્રાંતિક તાપમાન (Critical Temperature) અથવા વાન્ડરવાલ્સ અચળાંક 'a' ઉપર આધારીત છે. પરંતુ અધિશોષણ એ ભૌતિક પ્રક્રમ કે રાસાયણિક પ્રક્રમ હોઈ શકે છે. આથી જેમ દ્રાવણની સાંદ્રતાનો આધાર દ્રાવ્યના જથ્થા પર રહેલો છે. તેવી જ રીતે અધિશોષક ઉપર વાયુના અધિશોષણની માત્રા વાયુના દબાણ ઉપર પણ આધાર રાખે છે. આ બાબતનો અભ્યાસ ફ્રુન્ડલીચ અને લેંગ્મ્યૂર નામના વૈજ્ઞાનિકોએ કર્યો હતો. તેમના દ્વારા આપવામાં આવેલા ગાણિતીક સમીકરણોને અનુક્રમે ફ્રુન્ડલીચ અધિશોષણ સમતાથી અને લેગ્મ્યૂર અધિશોષણ સમતાથી તરીકે ઓળખવામાં આવે છે. જેને નીચે મુજબ દર્શાવેલ છે.

(1) ફ્રુન્ડલીચ અધિશોષણ સમતાપી

$$\frac{x}{m} = KP^{\frac{1}{n}}$$

(2) લેંગ્મ્યૂર અધિશોષણ સમતાપી

$$\frac{x}{m} = \frac{ap}{1+bp}$$

જ્યાં, $\frac{x}{m}$ = અધિશોષણની માત્રા, $p$ = વાયુનું દબાણ

$a$ અને $b$ = અચળાંકો, $m$ = અધિશોષકનું વજન

**172.** નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) જેમ વાયુનું ક્રાંતિક તાપમાન નીચું તેમ તેનું અધિશોષણ વધુ થાય છે.

(B) જેમ વાયુનું ક્રાંતિક તાપમાન વધુ તેમ તેનું અધિશોષણ વધુ થાય છે.

(C) વાયુ માટે જેમ વાન્ડરવાલ્સ અચળાંક a નું મૂલ્ય વધુ હોય તેનું અધિશોષણ ઘટે છે.

(D) ક્રાંતિક તાપમાનની ઊંચા તાપમાને વાયુનું અધિશોષણ થઇ શકતું નથી.

**173.** અધિશોષણ દરમિયાન નીચેનામાંથી કોનું મૂલ્ય શૂન્ય કરતાં ઓછું હોય છે ?

(A) $\Delta G$ (B) $\Delta S$ (C) $\Delta H$ (D) આપેલાં બધાં જ

**174.** નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ભૌતિક અધિશોષણ એ એક આણ્વિય જ્યારે રાસાયણિક અધિશોષણ એ બહુઆણ્વિય છે.

(B) ભૌતિક અધિશોષણ એ બહુઆણ્વિય જ્યારે રાસાયણિક અધિશોષણ એ એક આણ્વિય છે.

(C) ભૌતિક અને રાસાયણિક અધિશોષણ બંને એક આણ્વિય છે.

(D) ભૌતિક અને રાસાયણિક અધિશોષણ બંને બહુઆણ્વિય છે.

**175.** $\frac{m}{x}$ વિરૂદ્ધ $\frac{1}{p}$ નો આલેખ સુરેખ (Linear) હોય છે કે જેમના માટે ઢાળ અને આંતરછેદનું મૂલ્ય અનુક્રમે કયું થશે ?

(A) $\frac{a}{b}, \frac{1}{a}$ (B) $\frac{1}{a}, \frac{b}{a}$ (C) $\frac{1}{b}, \frac{b}{a}$ (D) $\frac{1}{b}, \frac{a}{b}$

**ફકરો : 2**

કલિલ કણો વિદ્યુતીય ભાર ધરાવતા હોઈ ધન કે ઋણ વીજભારનું વહન કરે છે. વિક્ષેપન માધ્યમમાં પણ સરખા પરંતુ વિરૂદ્ધ ધન કે ઋણ વીજભાર હોય છે. તેથી કલિલમય પ્રણાલી વિદ્યુતમય રીતે તટસ્થ હોય છે. કલિલકણો સમાન વીજભાર ધરાવતા હોઈ અપાકર્ષણ અનુભવે છે. તેથી તે જોડાઈને મોટો અણુ બનાવી શકતા નથી. આથી કલિલ સોલ સ્થિર હોય છે. પરંતુ કલિલકણોના તેમના પરના વીજભાર પ્રમાણે વિદ્યુતક્ષેત્રની અસર હેઠળ ધન કે ઋણ વિદ્યુતધ્રુવ તરફ આકર્ષાય છે. આ ઘટનાને ઇલેક્ટ્રોફોરેસીસ (વૈદ્યુતકણ સંચાલન) કહે છે. પરંતુ, કલિલ દ્રાવણોની સ્થાયિતા માટે તેમાં અલ્પ પ્રમાણમાં યોગ્ય વિદ્યુત વિભાજ્યની હાજરી જરૂરી હોય છે, પરંતુ જો વિદ્યુત વિભાજ્યની સાંદ્રતા વધારી દેવામાં આવે તો દ્રાવણમાંના કલિલકણો વિરૂદ્ધ વીજભારવાળા આયનોને આકર્ષીને તટસ્થ બને છે. એટલે કે, વિદ્યુત વિભાજનના ઉમેરણથી કલિલકણોનું સમુચ્ચય બની જવું અને અદ્રાવ્ય અવક્ષેપરૂપે બનવું તેને સ્કંદન (Coagulation) કહે છે. જુદા-જુદા વિદ્યુતવિભાજ્યોના સ્કંદન મૂલ્યો જુદા જુદા હોય છે તેનો અભ્યાસ હાર્ડી અને શુલ્ઝે કર્યો હતો. આથી તેમના મત મુજબ –

(1) સોલના સ્કંદન માટે અસરકારક આયનો એ છે કે કલિલમય કણોના વીજભાર કરતાં વિરુદ્ધ વીજભાર ધરાવતાં હોય,

(2) વિદ્યુત વિભાજ્યની સ્કંદનશક્તિ, સ્કંદન કરતાં આયનોની સંયોજકતાના ચતુર્થ ઘાત (Fourth Power)માં હોય છે.

તેવી જ રીતે સમાન આયનોના અવક્ષેપીકરણને લીધે, ઇલેક્ટ્રોફોરેસીસ ઘટનાને કારણે તેમને ગરમ કરવાથી કે ઠંડા પાડવાથી અથવા ડાયાલિસીસને લીધે પણ સ્કંદન શક્ય બની શકે છે.

**176.** કલિલ કણોના ધન કે ઋણ વીજભારનું અસ્તિત્વ નક્કી કરવા માટે કઈ ક્રિયાવિધી ઉપયોગી છે.

(A) વિદ્યુત ડાયાલિસીસ (B) ઇલેક્ટ્રોફોરેસિસ (C) બ્રેડિંગચાપ પદ્ધતિ (D) વિદ્યુત અભિસરણ

**177.** આર્સેનિક સલ્ફાઇડ ($As_2S_3$)ના કલિલ સોલ માટે NaCl અને $AlCl_3$ના સ્કંદન મૂલ્યો અનુક્રમે 53 અને 0.093 મિલિમોલ/લિટર છે એટલે કે.....

(A) NaClની સરખામણીમાં $AlCl_3$ 51 ગણી વધુ સ્કંદન ક્ષમતા ધરાવે છે.

(B) $AlCl_3$ની સરખામણીમાં NaCl 548 ગણી વધુ સ્કંદન પાવર ધરાવે છે.

(C) NaClની સરખામણીમાં $AlCl_3$ 548 ગણી વધુ સ્કંદન પાવર ધરાવે છે.

(D) સ્કંદન ક્ષમતાનો ગુણોત્તર $AlCl_3$ : NaCl, 51 : 0.093 છે.

**178.** ફેરિક હાઇડ્રોક્સાઇડ $[Fe(OH)_3]$ના કલિલ સોલ માટે નીચેનામાંથી કયો વિદ્યુત વિભાજ્ય સૌથી વધુ અસરકારક હશે ?

(A) $K_3[Fe(CN)_6]$ (B) $Na_2C_2O_4$ (C) $K_2SO_4$ (D) KCl

**179.** કલિલ દ્રાવણોની સ્થિરતાનો આધાર .....

(A) કલલિ કણોનું કદ

(B) કલિલકણો પરનો વીજભાર

(C) વિદ્યુતક્ષેત્રની અસર હેઠલ કલિલકણોનું ખસવું (Movement)

(D) ટિંડલ અસર દર્શાવવાની ક્ષમતા (Tendency)

**180.** $As_2S_3$ (આસેનિક સલ્ફાઇડ)ના કલિલ સોલ માટે નીચનામાંથી કયો વિદ્યુત વિભાજ્ય સૌથી વધુ અસરકારક હશે ?

(A) $AlCl_3$ (B) $MgSO_4$ (C) $K_3[Fe(CN)_6]$ (D) KCl

**ફકરો : 3**

બોર્ડલી (Boradly) નામના વૈજ્ઞાનિકે સૂચવ્યું કે, જુદા જુદા કલિલકણોનું વર્ગીકરણ નીચેના ત્રણ પ્રકારોમાં કરવામાં આવ્યું છે. જેવા કે, બહુઆણ્વિય, વિરાટ આણ્વિય અને સમુચ્ચયિત કલિલ (મિસેલ) કે જેઓ લાયોફિલિક કે લાયોફોબિક હોઈ શકે છે. લાયોફિલિક કલિલસોલ સીધે સીધા જ બનાવી શકાય છે જ્યારે લાયોફોબિક કલિલ સોલની બનાવટ સંઘનન અને વિક્ષેપન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. કલિલ સોલમાં રહેવા કલિલ કણો ચોક્કસ વીજભાર ધરાવતા હોવાથી તેમાં અલ્પપ્રમાણમાં યોગ્ય વિદ્યુતવિભાજ્ય ઉમેરવાથી તેઓ સ્કંદન પામે છે. સામાન્ય રીતે લાયોફોબિક કલિલ ઓછા સ્થાયી હોય છે. પરંતુ તે લાયોફિલિક કલિલ વડે રક્ષિત ક્ષમતાનો સુવર્ણ અંક વડે દર્શાવવામાં આવે છે.

**181.** નીચેનામાંથી કયો એક વિરાટ આણ્વિય (Macromolecular) કલિલ નથી ?

(A) પાણીમાં પ્રોટીન (B) બેન્ઝિનમાં રબર (C) પાણીમાં સ્ટાર્ચ (D) સાબુનું દ્રાવણ

**182.** સાબુ (Soap)ની ક્રાંતિક મિસેલ સાંદ્રતા (CMC)નો વિસ્તાર કયો છે ?

(A) $10^{-5} - 10^{-4}$M (B) $10^{-4} - 10^{-3}$M (C) $10^{-3} - 10^{-2}$M (D) $10^{-2} - 10^{-1}$M

**183.** સ્ટાર્ચના કલિલમય દ્રાવણમાં કલિલકણો પરનો વીજભાર કયો છે ?

(A) ધનવીજભાર (B) ઋણ વીજભાર

(C) કોઈ વિજભાર નહીં (D) તે ધન કે ઋણ વીજભાર ધરાવે છે.

**184.** જ્યારે $SnO_2$ને અલ્પપ્રમાણમાં NaOHના દ્રાવણ સાથે હલાવવામાં આવે છે ત્યારે સોડિયમ સ્ટેનેટના કલિલ સોલ પ્રાપ્ત થાય છે કે જેનું સૌથી વધુ અસરકારક સ્કંદન નીચેનામાંથી કોના વડે થશે ?

(A) $Na_3PO_4$ (B) $AlCl_3$ (C) $K_3[Fe(CN)_6]$ (D) HCl

**185.** 50 મિલિ સોનાના કલિલ સોલનું સ્કંદનથી રક્ષણ કરવા માટે 0.1 ગ્રામ બટાકાના સ્ટાર્ચની જરૂર પડે છે તો બટાકાના સ્ટાર્ચનો સુવર્ણ અંક કેટલો થશે ?

(A) 5 (B) 10 (C)20 (D) 25

**જવાબો : 172.** (B), **173.** (D), **174.** (B), **175.** (B), **176.** (B), **177.** (C), **178.** (A), **179.** (B), **180.** (D), **181.** (D), **182.** (B), **183.** (B), **184.** (B), **185.** (C)

● **સાચાં અને ખોટાં વિધાન પ્રકારનાં પ્રશ્નો :**

**186.** (I) સાબુની સફાઈ કરવાની પ્રક્રિયા માટે સમુચ્ચયિત કલિલ બનવાની પ્રક્રિયા જવાબદાર ગણાય છે.

(II) ઈમલ્શનનું સ્થાયીકરણ કરવા માટે ઉમેરવામાં આવતા પદાર્થને ઈમલ્શીફાયર કહે છે.

(III) શરીરના કોઈપણ ભાગમાંથી વહેતા રૂધિરને અટકાવવા માટે પ્રયોગશાળામાં $FeCl_3$નો ઉપયોગ કરવામાં આવે છે. કારણ કે $Fe^{3+}$ આયનો દ્વારા ઋણવીજભારીત રક્તકણોનું સ્કંદન થાય છે.

(IV) તાજાં બનાવેલા $Fe(OH)_3$ના દ્રાવણમાં બે-ત્રણ ટીપાં મંદ HCl નાંખવામાં આવે તો લાલ રંગનું કલિલમય દ્રાવણ બને છે. આ ઘટનાને પેપ્ટીકરણ કહે છે.

(A) FFTT (B) TTTT (C) FFFF (D) TFTF

**187.** (I) ફ્રુન્ડલીચ અધિશોષણ સમતાપી માટે $\log\frac{x}{m}$ તો log p વિરૂદ્ધ આલેખ સીધી રેખા મળે છે.

(II) ઉચ્ચ શૂન્યાવકાશ ઉત્પન્ન કરવા માટે સિલિકા જેલ અધિશોષક અલ્પપ્રમાણમાંના વાયુના અધિશોષણ માટે વપરાય છે.

(III) ઉદ્દીપક સક્રિયકરણ ઊર્જા ઘટાડે છે એટલે કે સ્થિતિ જ ઊર્જા અંતરાયને નીચો લાવે છે આથી પ્રક્રિયાનો વેગ વધે છે.

(IV) ગ્લુકોઝનું ઈથેનોલ અને કાર્બન ડાયોક્સાઇડમાં રૂપાંતર કરવા માટે ઈન્વર્ટેઝ નામનો ઉત્સેચક જવાબદાર છે.

(A) FTFT (B) TTFF (C) TFTF (D) FFTT

**188.** (I) 298–310 K તાપમાનનો ગાળો ઉત્સેચક ઉદ્દીપન માટે શ્રેષ્ઠ ગણાય છે.

(II) પ્યુમાઇસ પથ્થર અને ફોમ રબર એ ઘન સોલ પ્રકારના કલિલ છે.

(III) સલ્ફરના કલિલ સોલ જળવિભાજન દ્વારા મેળવી શકાય છે.

(IV) અદ્રાવ્ય સાબુ (બિન આલ્કલી ધાતુ પરમાણુ ધરાવતા સાબુ) પાણીમાં તેલ પ્રકારના ઈમલ્શનની તરફેણ કરે છે.

(A) TTFF (B) FFTT (C) FFFF (D) TTTT

**189.** (I) પારશ્લેષણ માટે નવું નિસ્પંદિત પાણી પાત્રમાં ઉમેરતાં જવાનું અને અશુદ્ધિવાળું પાણી બહાર નીકળી જાય તેને સાઈફન (Syphon) પદ્ધતિ કહે છે.

(II) ભૌતિક અધિશોષણ નીચે તાપમાને પરિણમે છે એ તાપમાન વધારતાં અધિશોષણ ઘટે છે.

(III) રાસાયણિક અધિશોષણ એન્થાલ્પીનું મૂલ્ય આશરે 20 થી 40 કિ.જૂલ મોલ$^{-1}$ જેટલું ઓછું અને ઋણ હોય છે.

(IV) માખણ એ પાણીમાં તેલ પ્રકારનું ઈમલ્શન છે.

(A) FTFT (B) FFTT (C) TFTF (D) TTFF

**190.** (I) ટિંડલ અસરને કારણે કલિલ કણો તેમના પર લાગતા ગુરૂત્વાકર્ષણ બળનો સામનો કરે છે.

(II) ઝિરકોનિયમ હાઇડ્રોક્સાઇડ $(Zr(OH)_3)$નું કલિલ દ્રાવણ ઋણવીજભાર ધરાવે છે.

(III) ધાતુઓ અને તેમના સલ્ફાઇડને ખાસ પદ્ધતિઓના ઉપયોગ દ્વારા વિક્ષેપન માધ્યમ સાથે મિશ્ર કરવાથી લાયોફોબિક કલિલ મેળવી શકાય છે.

(IV) પ્રક્રિયાને એવી દિશામાં ધકેલવી કે જેથી જરૂરી (યોગ્ય) નીપજ મળી રહે આ ઘટનાને વરણાત્મકતા (Selectivity) કહે છે.

(A) FFTT (B) TFTF (C) TTFF (D) FTFT

જવાબો : **186.** (B), **187.** (C), **188.** (A), **189.** (D), **190.** (A)

● **મેટ્રીક મેચ પ્રકારના પ્રશ્નો (એક કરતાં વધુ સાચા જવાબ) :**

**191.** કોલમ-Iમાં આપેલા ઉદાહરણોને કોલમ-IIમાં આપેલા કલિલ સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

| કોલમ-I | કોલમ-II |
| --- | --- |
| (A) વિપેઇડ ક્રિમ | (p) ઇમલ્શન |
| (B) દવાઓ (Medicines) | (q) સોલ |
| (C) કોષપ્રવાહી (Cell Fluids) | (r) કલલિ કે જેમાં વિક્ષેપિત કલા તરીકે વાયુ હોય |
| (C) ફોમ (Foum) | (s) કલલિ કે જેમાં વિક્ષેપન માધ્યમ પ્રવાહી હોય |

(A) (A)-(s), (B)-(p)(s), (C)-(q)(s), (D)-(r)
(B) (A)-(r)(p), (B)-(q), (C)-(p)(s), (D)-(r)
(C) (A)-(s), (B)-(s)(r), (C)-(-q), (D)-(s)
(D) (A)-(p), (B)-(q)(r), (C)-(p)(q), (D)-(s)

**192.** કોલમ-Iની વિગતોને કોલમ-IIમાંના સંબંધિત વિગતો સાથે જોડો :

| કોલમ-I | કોલમ-II |
| --- | --- |
| (A) લાયોફોબિક કલિલ | (p) પાણીમાં વિક્ષેપિત ચરબી |
| (B) લાયોફિલિક કલિલ | (q) નીચે સાંદ્રતાએ વિદ્યુત વિભાજ્યની જેમ અને ઊંચી સાંદ્રતાએ કલિલકણોની જેમ વર્તે છે. |
| (C) મિસેલ | (r) વિદ્યુત વિભાજ્ય |
| (D) ઇમલ્શન | (s) ટિંડલ અસર દર્શાવે છે. |

(A) (A)-(p), (B)-(q), (C)-(r) (D)-(r)(s)
(B) (A)-(r)(s), (B)-(r), (C)-(q), (D)-(p)
(C) (A)-(s)(p), (B)-(p), (C)-(q), (D)-(p)(q)
(D) (A)-(q)(r), (B)-(p),(s), (C)-(s), (D)-(p)

**193.**

| કોલમ-I | કોલમ-II |
| --- | --- |
| (A) સિલિસિક એસિડ | (p) ઋણવીજભારીત કલિલસોલ ઉત્પન્ન કરે. |
| (B) આર્સેનસ સલ્ફાઇડ ($As_2S_3$) | (q) વિરાટ આણ્વિય કલિલ (Macromolecular) બનાવે. |
| (C) અરેબિક ગમ (ગુંદર) | (r) લાયોફોબિક કલિલ સોલ બનાવે. |
| (D) ગોલ્ડ (સોનું) | (s) નોન-ઇલાસ્ટિક જેલ બનાવે. |

(A) (A)-(r)(s), (B)-(q)(r), (C)-(p)(s), (D)-(q)(r)

(B) (A)-(q)(r), (B)-(p)(s), (C)-(r), (D)-(p)(q)

(C) (A)-(s)(r), (B)-(p)(q), (C)-(q)(r), (D)-(p)(s)

(D) (A)-(p)(s), (B)-(p)(r), (C)-(p)(q), (D)-(p)(r)

194.

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (A) $H_2SO_4$ (સલ્ફ્યુરિક એસિડ)ના ઉત્પાદન માટેની લેડ ચેમ્બર વિધિ | (p) ધન ઉદ્દીપક |
| (B) ફોસ્ફોરિક એસિડ ($H_3PO_4$)નું $H_2O_2$ની હાજરીમાં વિઘટન (Decomposition) | (q) ઋણ ઉદ્દીપક |
| (C) એસ્ટરનું એસિડ ઉદ્દીપકીય જળવિભાજન | (r) સમાંગ ઉદ્દીપક |
| (D) હાઈડ્રોજનના ઉત્પાદન માટેની બોસ વિધિ (Bosch Process) | (s) વિષમાંગ ઉદ્દીપક |
| | (t) ઓટો ઉદ્દીપન (Auto Catalysis) |

(A) (A)-(p)(r), (B)-(q)(r), (C)-(r)(t), (D)-(p)(s)

(B) (A)-(q)(s), (B)-(p)(s), (C)-(s)(r), (D)-(p)(r)

(C) (A)-(r)(t), (B)-(p)(s), (C)-(r)(s), (D)-(s)(t)

(D) (A)-(p)(s), (B)-(r)(t), (C)-(q)(r), (D)-(p)(r)

195.

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (A) લાયોફિલિક કલિલ | (p) પ્રકાશવિખેરણ |
| (B) લાયોફોબિક કલિલ | (q) કુદરતમાં અપ્રતિવર્તી |
| (C) વિરાટ આણ્વિય કલિલ | (r) રક્ષિત કલિલ તરીકે વર્તે છે. |
| (D) સમુચ્ચયિત કલલિ (મિસેલ) | (s) ઈમલ્શીફાયર તરીકે વર્તે છે. |

(A) (A)-(p)(r), (B)-(p)(q), (C)-(p)(r)(s), (D)-(p)(s)

(B) (A)-(q)(p), (B)-(p)(r), (C)-(q)(p)(s), (D)-(q)(r)

(C) (A)-(p)(s), (B)-(r)(s), (C)-(p)(s)(r), (D)-(q)(p)

(D) (A)-(s)(r), (B)-(p), (C)-(p)(s), (D)-(q)(p)(r)

જવાબો : **191.** (A), **192.** (B), **193.** (D), **194.** (A), **195.** (A)

**● આંકડા (0 થી 9) (ઈન્ટીજર (Integer)) આધારિત પ્રશ્નો :**

નીચે આપેલા પ્રશ્નોના જવાબો 0 થી 9 સુધીના અંકો સ્વરૂપે હશે. જે નક્કી કરીને નીચેની પદ્ધતિ અનુસાર કોષ્ટકમાં જવાબો આપવા. ધારો કે, પ્રશ્ન 1 થી 4 ના સાચા જવાબો 4, 0, 9 અને 2 હોય તો,

**196.** 100 મિલિ લાલ ગોલ્ડ સોલનું સંપૂર્ણ સ્કંદન થતું અટકાવવા માટે જો 2 મિલિગ્રામ એરેબિક ગમ 10 મિલિ 10 % NaClના દ્રાવણ પહેલાં ઉમેરવામાં આવે છે તો તેની રક્ષિત ક્ષમતા કેટલી થશે ?

**197.** નીચેનામાંથી ઋણ વીજભારીત કલિલ સોલ કેટલા છે ?
ગોલ્ડ સોલ, $Fe(OH)_3$ સોલ, $Al_2O_3 \cdot xH_2O$ સોલ, $As_2S_3$ સોલ, સ્ટાર્ચના કલિલ સોલ, સિલિસિક એસિડ સોલ, કોન્ગોરેડ સોલ, પર્સિયન બ્લ્યુ સોલ, હિમોગ્લોબિન.

**198.** 1 M ઓક્ઝેલિક એસિડ ($H_2C_2O_4$) (આણ્વિય દળ = 126u)ના દ્રાવણને 0.525 ગ્રામ લાકડાના ચારકોલ સાથે હલાવવામાં આવે છે. આથી અધિશોષણ બાદ દ્રાવણની અંતિમ સાંદ્રતા 0.5 M થાય છે. તો ચારકોલના પ્રતિગ્રામે કેટલા કિ.ગ્રામ ઓક્ઝેલિક એસિડનું શોષણ થયું હશે ?

**199.** નીચેનામાંથી એરોસોલ (Aerosols) કેટલા છે ?

પેઈન્ટસ (Paints), દૂધ, ધુમાડો (Smoke), ધૂળ (Dust), ફોમરબર, ચીઝ, ફોગ (Fog), વાદળ (Clouds), જંતુનાશકો (Insecticide), સ્પ્રે (Sprays), મિસ્ટ (Mist).

**200.** 100 મિલિ કલિલમય દ્રાવણના સ્કંદન માટ 0.16 M વિદ્યુત વિભાજ્યના 5 મિલિના દ્રાવણની જરૂર પડે છે તો તે વિદ્યુત વિભાજ્યનું ઊર્ણન (Flocculation) મૂલ્ય કેટલું થશે ?

**201.** અધિશોષણના એક પ્રયોગમાં $\log\left(\frac{x}{m}\right)$ વિરૂદ્ધ log pનો આલેખ સીધી રેખા (Linear) $45^o$ના ઢાળ (Slope) સાથે મળે છે અને તેના $\log\left(\frac{x}{m}\right)$ અક્ષ ઉપર આંતરછેદ (Intercept) 0.3010 માલૂમ પડે છે તો 2 (બે) વાતાવરણ દબાણે પ્રતિગ્રામ અધિશોષણ વડે કેટલા ગ્રામ વાયુના જથ્થાના અધિશોષણ થશે ?

**202.** સિલ્વર (પરમાણ્વિયદળ = 108 ગ્રામ મોલ$^{-1}$) કે જેની ઘનતા 10.5 ગ્રામ સેમી-3 છે. જો $10^{-12}$ મીટર$^2$ સપાટી પર રહેલા સિલ્વર પરમાણુઓની સંખ્યા વૈજ્ઞાનિક તર્ક મુજબ $y \times 10^x$ વડે દર્શાવતી હોય તો xનું મૂલ્ય કેટલું થશે ?

**203.** નીચેનામાંથી ઇમલ્શન (Emulsion)ની સંખ્યા કેટલી છે ?

કોલ્ડ ક્રીમ, માખણ, કોડલિવર ઓઇલ, હેરક્રીમ દૂધ, વેનિશિંગ ક્રીમ, પ્રોટીન, ગુંદર, અગર, જિલેટીન, રબર, પ્યુમાઇસ પથ્થર, પ્લવન, સાબુનું ફીણ

| |
|---|
| **જવાબો : 196.** (5), **197.** (5), **198.** (6), **199.** (6), **200.** (8), **201.** (4), **202.** (7), **203.** (6). |

•